"શ્રી ગોધારી દશા દિશાવાળ વણીક જ્ઞાતિ જોગ સંદેશો."

જ્ઞાતિય દુર્દશા દુર કરવાનો ઉપાય.

"જ્ઞાતિનાં પ્રત્યેક વ્યક્તિ વ્યક્તિના અંતઃકરણની શુદ્ધીમાં છે."

કન્યા વિક્રય એક મહાન પાપ છે.

"એ પાપનો પૈસો ખાવો એ કુમારીકાઓનાં રૂધીર માંસ ખાવા સમાન
"છે. વ્હાય તો એ કુમારીકા આપણે ત્યાં જન્મી હોય, યા જ્ઞાતિબંધુને ત્યાં
"જન્મી હોય, પોતાની યા પારકી કોઈ પણ કુમારીકાના વિક્રયનો પૈસો
"સરખો જ પાપ રૂપ છે."

"પોતે સુધરી, જ્ઞાતિને સુધારવા ખાતર, વહેવાર ત્યાગી બનો"

"એકલો માણુસ શું કરી શકે!!"

"પપા પાપ ન કીજીયેં, (તો) પુણ્ય થયું સો વાર;"
"દગે દામ ન લીજીયેં, (તો) દાન લક્ષ સમ ધાર."

"એક માણસ પુણ્ય ભલે ન કરી શકે, પણ તે પાપ જ ન કરે તો
"સો પુણ્ય કર્યા જેવું જ છે. એક માણસ દાન ભલે ન કરી શકે, પણ તે
"દગો જ ન કરે તો લક્ષ દાન કર્યા જેવું જ છે. એક માણસ જ્ઞાતિને સુધારી
"ભલે ન શકે, પણ જ્ઞાતિને નુકસાન કરતો જરૂર અટકી શકે છે. એક માણસ
"જ્ઞાતિનું પ્રચંડ પાપ ભલે ન ધોઈ શકે, પણ એ પાપની વફાદારીમાંથી
"જરૂર ખસી શકે છે."

"દીકરા વરાવવા ખાતર દિકરીના બળીદાન ન આપો."
"ધંધાની સગવડને ખાતર વિક્રયનું પાપ ન કરો."
"ભુખે મરવું પસંદ કરો, કન્યા વિક્રય ન કરો."
"પોતાના કે દીકરાના પરમેશ્વર પોતે ન બનો."

"ઇશ્વરને ઓળખો"

"તેના સર્વ શક્તિમાનપણા પર શ્રદ્ધા રાખો."
"સત્યનો ધર્મનો જ સદા જય છે."

લખનાર અને છપાવી પ્રસીદ્ધ કરનાર.

સેવક પરસોત્તમદાસ દુર્લભદાસ.
ભુલેશ્વર પંચાયત વાડી, ઘર નં. ૭ મુંબાઇ.

આવૃત્તિ પહેલી] * * [પ્રત ૫૦૦.
સંવત ૧૯૭૯ના કારતક સુદ ૧ ને શનીવાર. સને ૧૯૨૨.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી [illegible]-સંગ્રહ
૧૦૧૨૭

પ્રજાબંધુ પ્રિન્ટિંગ વર્ક્સમાં સી. એમ. મોદીએ છાપ્યું.
ખાડીયા, જેઠાભાઇની પોળ, અમદાવાદ.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૧૦૧૨૭ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय સ૩૩૫:૪૦૮૪૨૩૭

"સત્યમેવ જયતિ."

સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ, સત્યનો જ સદા જય છે, અને અસત્યનો અંતે ક્ષય છે. એ સનાતન સિદ્ધાંત પર દૃઢ વિશ્વાસ રાખી, આ સંદેશો, હું આપને સત્યના જ અનુયાયી બનવા સારૂ મોકલું છું. આશા છે કે બધી વીગત લક્ષ પુર્વક વાંચી, તમે સૌ અસત્યથી, અધર્મથી, અન્યાયથી બનતી ત્વરાએ મુક્ત થશો.

"અખીલ વિશ્વના સ્વામીની મહાન અદાલતમાં."

જ્ઞાતિય અન્યાયોના ભોગ થઇ પડેલ વર્ગ તરફથી, તે તે અન્યાયોના નાશનો મુકર્દમો, સંવત ૧૯૭૮ના કારતક સુદ ૧ ના રોજ મેં નોંધાવ્યો છે. જ્ઞાતિ સાથેનો તમામ ખાનપાનાદી વહેવાર મુકી દેતાં, જે અગવડો અને મુશ્કેલીયો વેઠવી પડે છે; તે આ મહાન અદાલતમાં મુકર્દમો નોંધાવવાની, અને અન્યાયોના નાશનું એટલે ખરા સુધારાનું હુકમનામું મેળવવાની, અદાલત ફી છે, એ ફી મેં ભરી દીધી છે.

મિથ્યા મોહ, ભય, દ્વેષ અને ખોટી શરમ ઇત્યાદીથી નીરાળું જે શુદ્ધ સત્ય, તે આ અદાલતના મહાન ન્યાયાધીશ પરમાત્માની સમક્ષ, આ મુકર્દમો ચલાવે છે. દુનીયાં ઉપર અત્યારે વિદ્યમાન અને ભુતકાળમાં થઇ ગયેલા મહાન પુરૂષોનાં ચરિત્ર અને ઉપદેશમાંથી જડી આવતું સત્ય, અન્યાયોના નાશની દલીલો તરીકે આળેખી મોઢેથી યા તો લખાણદ્વારા હું તમારી સમક્ષ મુકું છું. તે વાંચી યા તો સાંભળીને તમારા પ્રત્યેકના હૃદયમાં, સત્ય અસત્યની તુલના વિષે થતા ગુપ્ત સવાલ જવાબો, એ આ મહાન અદાલતના ન્યાયાધીશની ઉલટ પાલટ તપાસ છે.

"પરિણામ."

આ તપાસને લીધે આજ એક વરસની મુદતમાં, જાણ્યે અજાણ્યે યા તો ઇચ્છા કે અનીચ્છાથી જ્ઞાતિય અન્યાય કર્યાનો યા તો અન્યાયમાં ભાગીદાર બન્યાનો અપરાધ પરમાત્મા સમક્ષ સ્વિકારી, ફરીથી એવા અપરાધમાં નહી પડવાની ઇચ્છા જાહેર કરી, જ્ઞાતિ સાથેનો સઘળા પ્રકારનો ખાનપાનાદી વહેવાર બે વ્યક્તિએ છોડયો છે. (૧) શ્રાવણ સુદ ૧૩ થી મારી સ્ત્રીએ. (૨) ભાદરવા સુદ ૧ થી કુડાવાલા ભાઇ ભોળીદાસ રામજી દમણીઆએ.

એ ઉપરાંત બીજી આઠ વ્યક્તિએ ઉપર જણાવ્યા મુજબ અપરાધનો સ્વિકાર કર્યો છે; પણ હજી મોહ, ભય, શરમ આદીથી મુક્ત ન થઇ શકવાને લીધે તેઓએ થોડે થોડે અંશે વહેવાર ત્યાગ સ્વિકાર્યો છે. (૧) કારતક સુદ ૧ થી ભાઇ વનમાળીદાસ ગીરધરદાસ મહેતા કોલીયાકવાળાએ હવેથી કન્યા વિક્રય કરે તેના ઘરનાં અનાજ પાણી ન લેવાની પ્રતિજ્ઞા કરી છે. (૨) ફાગણ માસથી ભાઇ જેસુખલાલ કુબેરદાસ મહેતા કોલીયાકવાળા તથા (૩) ભાદરવા સુદ ૧ થી ભાઇ કરસનદાસ હરજીવનદાસ મહેતા કોલીયાકવાળા તથા (૪) ભાઇ રમણીકલાલ સામળદાસ પારેખ ભાવનગરવાળા, એ ત્રણે, સઘળા પ્રકારના જ્ઞાતિ વરા ન જમવાની પ્રતિજ્ઞા કરી છે.

આ ચાર શીવાય બીજી ચાર વ્યક્તિએ થોડે થોડે અંશે વહેવાર ત્યાગ સ્વિકાર્યો છે. પણ તેઓ ટીકાના ભયથી પોતાનાં નામ જાહેર કરવા ના લખે છે. તેથી તેમનાં નામ હું જણાવી શકતો નથી. આ સંદેશાથી તેમનો ભય દૂર થાઓ એમ ઇચ્છું છું.

એક હજારની આશરે વસ્તીવાળી આ જ્ઞાતિમાંથી આટલી મુદતમાં આટલી વ્યક્તિ વહેવાર ત્યાગને પંથે ચડી ચુકી એ પરિણામ, જ્ઞાતિજનોની દૃષ્ટિએ કદાચ કંઇ જ આશાદાયી ન લેખાય, પણ મારી દૃષ્ટિએ તો આ પરિણામ ઘણું જ સારૂં લેખું છું અને આટલી વ્યક્તિયો ચીવટથી કામ કરવું શરૂ રાખશે તો જ્ઞાતિ સુધારો સહેલાઇથી જલદી થશે. કુધારો એક એક વ્યક્તિથી શરૂ થઇ મોટા રૂપમાં જામ્યો; તેમજ સુધારો આમ એક એક વ્યક્તિની શરૂઆતથી મોટા રૂપમાં જામશે. એમ હું પ્રથમના સંદેશામાં લખી ગયો છે. અને એજ ખરૂં છે. એમ માનવા સૌને આગ્રહ કરૂં છું.

"કન્યા વિક્રય ન કરનાર સુરઝી વર્ગને"

તમારામાંના ઘણા ભાઇઓ મને કહી ચુકયા છે કે તમારો સિદ્ધાંત ખરો છે. એ સિદ્ધાંતના અનુયાયી બનવું જરૂરનું છે. પણ વહેવાર મુકયા પછી જે વર્ગમાંથી કન્યા લેવી છે તે વર્ગ કન્યાઓ ન આપે તો! આ ભય દુનીયાદારી દૃષ્ટિએ વાજબી છે. પણ સત્યની દૃષ્ટિએ તો એ એક પ્રકારની નબળાઇ શિવાય કશું જ નથી. સત્યને ચહાનાર પોતાનો અને બાળબચ્ચાંનો બધો આધાર પરમાત્મા ઉપર જ રાખે. પોતાનો કે બાળબચ્ચાંનો પરમેશ્વર પોતે ન બને. બીજાની રાહ જોયા સિવાય સ્વાર્થ ત્યાગનો રેલો પોતાની તળે પહેલો આવવા દીધા વીના, સાચો સુધારો કયાં રસ્તામાં પડયો છે કે

આપણે તે ઉઠાવી લઇએ. આપભોગ વીનાના, મોઢાની વાતોના સુધારાએ આજ સુધી શું ઉકાળ્યું એતો તમે જાણતા જ હશો.

બાળબચ્ચાં વરાવવાની ગરજે અન્યાયોની વફાદારી સેવી સેવીને તો, ગ્નાતીને આપણે આ દુર્દશાએ મુકી છે; એનું કારણ આપણું દુનીયાદારી ડહાપણ જ છે. જો આપણે પ્રથમથી જ સત્યને સમજી લઇ અન્યાયની વફાદારી ન સેવી હોત, કન્યા વિક્રય કરાવ્યો છતાં કરનાર સાથે સગપણને દાવે વહેવાર જ ન રાખ્યો હોત, તો આજે આ દુર્દશા હોત જ નહિ. અન્યાયોની વફાદારી સેવતાં સેવતાં તો હવે સારાં સારાં કુટુંબો જાતે જ અન્યાય કરવા મંડી પડ્યાં છે. છતાં હે મુરબ્બીઓ, તમારામાંના અવશેષ રહેલ સારા માણસો પણ નહી જ ચેતો તો ગ્નાતિની આથીએ વિશેષ દુર્દશા જોવી પડશે. દુર્દશા કાંઇ કહેવા નથી આવવાની કે તમે ગ્નાતિથી છુટા પડો. ગ્નાતી શ્રેયનો અને પોતાની પવિત્રતાનો વિચાર આપણે પોતે જ કરી લેવો ઘટે છે. ધમકીથી કોઇ પણ માણસે કદાપી સત્ય સ્વિકાર્યું નથી, અને સ્વિકારે પણ નહિ, એ હું સમજું છઉં. તેથી તમારામાંના જેઓ દ્રવ્ય બળ ધરાવે છે; તેઓ મારી આ નમ્ર ચેતવણીને ધમકી રૂપે સમજવાની ભુલ ન કરે એમ હું ઇચ્છું છું. હું કંઇ તમારો ઉપદેશક નથી, શાશક પણ નથી. એવો થવાને લાયક પણ નથી, અને એવી લાયકાત મેળવવાને ઇચ્છતો પણ નથી. ગ્નાતિની વધતી જતી દુર્દશા જોઇ હૃદયનો ઉકળાટ માત્ર તમારી સમક્ષ મુકું છું. કે તમારે સારા સારા ગ્રહસ્થોને આવે સમયે અવશ્ય સમજવું ઘટે છે. આપણે આપણા દોષ જોવાજ જોઇએ, આપણે સુધરવું જ જોઇએ, પાપ કરનારને કોઇ પણ ભોગે સુધારવા જ જોઇએ, એ નિશ્ચયથી કામ લઇએ, તો સમય અત્યારે જ છે. છતાં તમારામાંથી ઘણાઓ માને છે કે ગ્નાતિને સુધારવાનો હજી સમય નથી. સમય આવવાદો પછી વાત.

તમે માનો યા ન માનો, પણ દ્રવ્યની મોટી રકમો વિક્રય તરીકે આપીને પરણવામાં પહેલો નંબર ધનવાનોનો છે. તમે માનો યા ન માનો પણ, પણ ગરીબોને માટે કન્યાઓ મેળવવાનું અશક્ય કરી મુકવામાં પહેલો નંબર ધનવાનોનો છે. ગ્નાતિનો અત્યાર સુધીનો ઇતીહાસ તપાસી જોતાં આ આક્ષેપ સીદ્ધ થઇ શકે છે. મારા જેવા સાધારણ સ્થીતીવાળાઓ વિક્રય કરાવીને પરણે છે તે બધા, ધનવાનોની પાછળ ખેંચાઇ ખેંચાઇને આમ ગરીબોને માટે કન્યાઓ મેળવવાનું અશકય કરી મુકવામાં બીજો નંબર આ સાધારણ સ્થીતીવાળાઓનો છે. વળી બબ્બે અને ત્રણ ત્રણ વખત પરણના-

રાઓનો મોટો ભાગ આ પહેલા અને બીજા નંબર વાળાઓમાંજ સમાયલો છે. આમ પૈસાના બળે એકથી વધુ વખત કન્યાઓ ઉઠાવીને પણ આપણે ગરીબોને માટે કન્યાઓ મેળળવવાનું અશક્ય કરી મુક્યું છે. જ્ઞાતિના અધિકારીઓ અને કરતા કારવતા જોશો તો પણ આપણેજ. અને આપણે ગરીબોને સમજાવીએ છીએ કે, ભાઇઓ શું કરીયે! કન્યાઓનીજ અછત છે ત્યાં ઉપાય શો!! હે મુરબ્બીઓ, મને માફ કરી જરા તમારી ન્યાયી બુદ્ધીથી વિચારી જુઓ, કે આ કન્યાની અછત વર્તાવનારા આપણે એકથી વધુ વખત પરણનારાઓ છીએ કે બીજા કોઇ!! તમારી ન્યાયીબુદ્ધી તમને શો જવાબ આપે છે! આપણા પેસાનો ઉપયોગ આપણાજ રંક જ્ઞાતિબંધુઓના ઘરને સદાયનાં તાળાં મારવામાં થયો છે એવું આપ નથી જોઇ શકતા!! માનીલ્યો કે જાણ્યે અજાણ્યે આમ થઇ ગયું. તો હવે આ ગરીબોને તમારા જેવા સંસારી થવા દેવાની પવિત્ર હીલચાલમાં જોડાતાં તમારે વિલંબ કરવો ન જોઇએ. જ્ઞાતિબંધુઓ પ્રત્યે જાણ્યે અજાણ્યે થયેલ આપણા અપરાધની આપણે પરમાત્મા પ્રત્યે ક્ષમા ઇચ્છી ફરીથી એવા અપરાધ ન કરવા વહેવાર ત્યાગ સ્વીકારવો એજ જ્ઞાતિય ફરજ અત્યારે આપણે માથે રહેલી છે.

કન્યાવિક્રય નહી કર્યાથી તમારી ગણના સારામાં થાય છે. તમે તમારી દીકરીના વિક્રયનો પૈસો પાપરૂપ માનો છો. પણ જ્ઞાતિબંધુની દીકરીના વિક્રયનો પેસો તમે પાપરૂપ માનતા નથી એ શોચ કરાવનારૂં છે જ્ઞાતિબંધુની પુત્રીઓ આપણી ધર્મપુત્રીઓ સમાન હોય તો આપણી પોતાની પુત્રીના સંબંધમાં જે માન્યતા રહેલી છે તેજ માન્યતા ધર્મ પુત્રીઓના સંબંધમાં દૃઢ હોવી જોઇએ. જ્ઞાતિબંધુની પુત્રીઓ પુત્રી સમાન ન ગણાય એમ તો તમે નજ કહી શકો. ત્યારે કયા ન્યાયે એ ધર્મપુત્રીઓના વિક્રયનો પેસો ખાવામાં આપણે વાજબી ઠરીયે છીએ! એ પ્રશ્ન દરેક મુરબ્બીએ પોતાના મનથીજ વિચારવો ઘટે છે. શાસ્ત્રોએ તો "કન્યાવિક્રયનો પૈસો ખાવો એ નર્યો માંસાહાર છે" એમજ કહેલું છે. એ કન્યા પોતાની કે પારકી એનો ઉલ્લેખ શાસ્ત્રોએ નથી કર્યો તેથી એનો વિશાળ અર્થ ન કરતાં આપણે આપણીજ કન્યાના સંબંધમાં એ શાસ્ત્રાસા માન્ય રાખી પારકી કન્યાઓ તરફનો પુત્રીભાવ અમાન્ય કરીયે એ ભુલજ ઠરે છે. તમારી પાસે આ ભુલને ઢાંકવાનો એકજ બચાવ છે, તે "સગપણ" સગપણને દાવે સંબંધીઓને માઠું ન લાગે તે ખાતર અમારે જમવું પડે છે. આમ કહી તમે છુટા થવા ઇચ્છો છો. મેં તો પ્રથમના સંદેશામાં કહ્યું છે કે "સગપણને દાવે

પાપની વફાદારી સેવ્યા કરવી ઘટીત નથી. સગપણો જો પાપને નિભાવી લેવાની ફરજ પાડતાં હોય તો ત્યાજ્ય છે." સગપણને દાવે તમારા જેવા સારા માણસો પાપને ઢાંકી રયા છો ત્યાંસુધી પાપ કરવા ઇચ્છનાર તમારો કોઇપણ સગો પાપ કરતાં અટકવાનો નથી. અને એજ ન્યાયે તમે કન્યાવિક્રયના મજબુત થાંભલાઓ બનો છો.

નવી પત્નિના હાવભાવ અને પ્રેમકટાક્ષમાં અંજાઇ ગયેલ પીતા, મરનાર પત્નિની નિર્દોષ કુમારીકા તરફ વૈરી વાઘણ બનેલી નવી પત્નિના અત્યાચારમાં સામેલ થઇ પોતે કુમારીકાને માર મારવા મંડી જાય છે. ત્યારે ચાહે તેટલા નજીકના સંબંધીઓથી પણ એ દ્રષ્ય નજરે જોયું જતું નથી. તે વખતે એ નજીકના સંબંધીઓ, એ ક્રુર પિતાની શરમ ન રાખતાં નિર્દોષ કુમારીકાને પોતાના રક્ષણમાં ખેંચી લે છે અને એમ કરીને મોહાંધ પિતાના અને ક્રુર વાઘણ બનેલી અપરમાતાના એ વર્તનને અત્યારી ઠરાવી માતા પિતાની ક્રુરતાને છેહ આપે છે. કુમારીકાની ભેરે થનારા સંબંધીઓ પેલી વાઘણની ગાળો ખાવાને પણ તૈયાર રહે છે. અને એ રીતે નીર્દોષ કુમારીકા ફરીથી એવા અત્યાચારનો ભોગ થતી ઘણે અંશે બચે છે કારણ ક્રુર માબાપોને પણ સગાસંબંધી અને જનસમાજની વચ્ચેજ રહેવાનું હોય છે.

આ દાખલામાં સંબંધીઓએ પેલી કન્યાના માતાપીતાના સંબંધની વફાદારી અત્યાચારને કારણે જતી કરી, ને નિર્દોષ કુમારીકાના સગપણની પવિત્ર વફાદારીને વગળી રહેવાનું ગાળો ખાઇને પણ ઉચ્ચીત ગણ્યું, એ સીદ્ધ થાય છે. એજ ન્યાયે કન્યાવિક્રયના સંબંધમાં કન્યાવિક્રય કરનાર માતા કન્યાની અપરમાતા ઠરે છે. પીતા પુત્રનો સ્વાર્થ યાતો દ્રવ્યનો સ્વાર્થ સાધવા ખાતર સ્વાર્થાંધ પીતા ઠરે છે. કુમારીકાનું સાસરીયું નિર્માલ્ય બનાવી દેવારૂપ અત્યાચાર કન્યાઓ ઉપર ગુજારે છે આ કારણે નજીકમાં નજીકના સંબંધીએ એ માબાપનું સગપણ છોડી કુમારીકાનુ સગપણ કાયમ રાખવા કુમારીકાપર થતો અન્યાય એ અન્યાયથી થતી જ્ઞાતિ દુર્દશા, ઇત્યાદિના નાશને ખાતર અન્યાયી માબાપો સાથેના સગપણના સંબંધને કાપી નાખવો યોગ્ય ઠરે છે.

હે મુરબ્બીઓ. પુત્રીનો સંરક્ષક—પાળક પીતા, એજ જ્યારે ભક્ષક—સંહારક બને, ત્યારે વાડ ચીભડાં ગળે પાણી માછલાંનેજ મારે, માળીજ વૃક્ષનું છેદન કરે, એમાં આશ્ચર્ય શું! આવો બનાવ આવો સમય એજ અવનીનો અવસાન, ધરતીનો છેડો, સમાજના—જ્ઞાતિના નાશના ભડકા!

એકઠા થઇ સભા ભરી આ અત્યાચારને વખોડી એકાદો ઠરાવ ઘડી બેચાર ડોળ પાણી રેડવાથી આ ભડકા' હોલવાવાના નથી. આ ભડકાઓ, આ કન્યાવિક્રયના અત્યારની પ્રચંડ હોળીઓ હોલવવાને, એ હોળીને રક્ષણ આપનાર સગપણોને વેગળાં મુકી તમારે વ્યવહાર ત્યાગનો બંબો ખડો કરી એ હોળીઓમાં સત્ય અને ધર્મરૂપી જળ મોટા જથામાં નાખવું ઘટે છે.

સુરબ્બીઓ, તમે એમ પણ કહી શકશો કે, એક પીતા પોતાની કન્યાને મારવા યા તો ઉગરવાનો સ્વતંત્ર હક ધરાવે છે. તેની ઇચ્છાની આડે આવવાનીં આપણને શી સતા છે! હું કહેવા ઇચ્છું છું કે સત્તા એ બાબતમાં કાંઇ કરી શકે નહી અને આપણા પાસે એવી સતા છે પણ નહી. તેથીજ અન્યાયીના અન્યાયમાંથી નિર્દોષને બચાવી લેવા અન્યાયીની સામે વહેવાર ત્યાગ જાહેર કરવા હું સુચવું છું. વહેવાર ત્યાગ એ ન્યાય ઇચ્છનારનું નિતિમય શસ્ત્ર છે અન્યાયી માણસ જેમ પોતાની મરજી મુજબ વરતવા સ્વતંત્ર છે તેમજ ન્યાયી માણસ વહેવાર રાખવાની બાબતમાં અન્યાયી માણસ પ્રત્યે પોતાની મરજી મુજબ વરતવાની સ્વતંત્રતા ધરાવે છે. માત્ર અન્યાયીનો અન્યાય તે જોઇ શકતો હોય તો.

સુરબ્બીઓ, એક ન્યાયી માણસ જ્યારે અન્યાયીનો અન્યાય ન જોઇ શકે. જોઇ શકવા છતાં જ્યારે એ અન્યાયની બાબતમાં આંખ આડા કાન કરે, ત્યારે સમજવું કે એ અન્યાયને ચાલુ રહેવા દેવામાં એ કહેવાતા ન્યાયી માણસનો કોઇ ગુપ્ત સ્વાર્થ હોવો જોઇએ. પુત્ર પ્રાપ્તિ યાતો વિષય વાસનાની ત્રપ્તિ અર્થે, કેટલાક પુખ્તવયે ઘરભંગ થનારાઓએ કુમળી કુમારીકાઓનાં બળીદાન લીધાં છે. અયોગ્ય ઉમ્મરે આવી અયોગ્ય ઇચ્છાપુર્ણ કરવા, કુમળી કુમારીકાઓને વૈધવ્યના માર્ગમાં મુકવાનો સ્વાર્થ, પૈસાની લાલચ દેખાડ્યા વિના સરી શકતો નથી. એ કારણે કન્યાવિક્રયની હસ્તી ઇચ્છનારને "વહેવાર ત્યાગ" કાંટા સમાન ખુચેજ. આવી વૃત્તિ ધરાવનાર માણસ બીજી બાબતોમાં ગમે તેવો ન્યાયી હોય છતાં કન્યાવિક્રય કરનાર અન્યાયીને અન્યાયી તરીકે તે કદી સમજવાનો નથી. તમારામાં આ વૃત્તિ ન હો એમ હું ઇચ્છું છું.

કન્યાવિક્રય કરાવવો એ પણ પાપજ છે એ સિદ્ધાંતને અમાન્ય કરાવવા હું ચહાતોજ નથી. મેં પોતે એ પાપ કરેલું છે. તેથી એ પાપથી મુક્ત રહેવાની અસર હું તમારા ઉપર નથી પાડી શકતો એ હું જોઉં શકું છું. સ્વાર્થ એવી ચીજ છે કે સત્યને પુરૂં ઓળખ્યા વિના મનુષ્ય તે તજી

શકતો નથી મારા કલંકીત ચારીત્ર્ય તરફ ન નિહાળતાં તમે સત્યનેજ નિહાળો એ મારી નમ્ર અરજ છે.

પોતાની લાયકાત તરફ તમે બેદરકાર ન રહો અને સ્વમાનને અને ખાનદાનીને વળગીજ રહો તો વગર વિક્રયે ગમે તેવી અછત છતાં તમે જરૂર કન્યા મેળવી શકશો એમ હું માનું છું, છતાંયે તમે દૃઢ નજ રહી શકો અને વિક્રય કરાવવોજ પડે તો કરનાર સાથેનો વહેવાર તો છોડજોજ. અનિચ્છાયે વિક્રય કરાવીને પણ કરનાર વર્ગને સુધારવાની તમારી ફરજ છે. પાપ કરનારને સુધારવાનો એકજ ન્યાયી માર્ગ વહેવાર ત્યાગ છે. અને અનીચ્છાયે વિક્રય કરાવવો પડ્યાની ખાત્રી પણ એજ માર્ગને અનુસરવાથીજ આપી શકાય છે. વર્તનમાં વફાદારી હોય ત્યાં સુધી મોઢાની અનીચ્છા ખોટી ઠરે છે. ઇશ્વર આપ મુરબ્બીઓને સદ્‌બુદ્ધિ અરપો.

"કન્યાવિક્રય કરનાર મુરબ્બી વર્ગને."

મુરબ્બીઓ, કન્યાવિક્રયાદી અન્યાયોના નાશ અર્થે યોજેલી, વહેવાર ત્યાગની હીલચાલ તમને ધિક્કારમાં લાવવા માટે નથી. પણ ધિક્કારમાંથી બચાવી લેવા માટે છે. પાપમાંથી ઉગારી લેવા માટે છે. કોઇપણ કારણે દીકરીનો વિક્રય કરવો એ મહાપાપ છે. આ પાપ જાણ્યે અજાણ્યે ઇચ્છાથી કે અનીચ્છાથી તમે કર્યે જાઓ છો. અને આ પાપના પ્રતાપે જ્ઞાતિનાં ઘરો દીનપરદીન ઘટતાં જાય છે. દરેક કુટુંબને આ પાપના છાંટા થોડે ઘણે અંશે ઉડેલાજ છે. તમે તે જોઇ પણ શક્તા હશો છતાં આ પાપમાંથી ઉગરવા તમે કદી પણ તૈયાર થયા હો એવું બન્યું નથી. હા જ્ઞાતિ બંધારણો વખતો વખત થયાં, કાયદાઓ ઘડાયા, તે પર તમે સહીયો કરી, સોગંદ પણ લીધા, અને જ્ઞાતિના અધિકારી વર્ગના પક્ષપાતનો તેમ જ નબળાઇનો લાભ લઇ, તમે એ સહીયો એ સોગંદ પર મુતર્યા. તમારાં અંતઃકરણો મેલાં હતાં, માત્ર જ્ઞાતિસભાની શરમે તમે સહીયો કરેલી ને સોગંદ લીધેલા, યાતો સૌ પાળશે તો પાળશું ને નહી પાળે તો નહી પાળીએ, એવી ઇચ્છા અંતરમાં રાખી તમે સહીયો કરેલી ને સોગંદ લીધેલા. આવો પોકળ સુધારો ક્યાં સુધી નભે! અને તે નજ નભ્યો. થોડાજ સમયમાં નાશ પામ્યો.

સાચો સુધારો કરવાની દૃઢ ઇચ્છા રાખનારાઓને આથી શીખામણ મળી, કે દરેકનાં અંતર શુદ્ધ થયા વિના સાચા સુધારાની આશા રાખવી વ્યર્થ છે. અને એ અંતર શુદ્ધિનો માર્ગ બહુ વિચારને અંતે એજ

માલુમ પડયો, કે આજે તો કન્યાવિક્રય પાપ છે એ માન્યતા કેવળ મોઢેથી બોલવામાં જ ટકેલી છે; બાકી વર્તનમાં અને વહેવારમાં તો આખી જ્ઞાતિ, કન્યાવિક્રયનું સેવન અને વફાદારી બજાવતી માલુમ પડે છે. કોઇપણ માન્યતાને આપણે મોઢેથી સ્વીકારીએ અને વર્તનમાં એજ માન્યતાનું ખુન કરીયે ત્યારે સમજવું કે આપણી સમજમાં એ માન્યતા ખરી નથી પણ પોથીનાં રીંગણા રૂપ છે. કન્યાવિક્રય એ પાપ હોવાની માન્યતા આપણામાં આ રીતે અત્યારે તો પોથીનાં રીંગણા રૂપ છે. કન્યાવિક્રય પાપ છે એ માન્યતા આપણામાં સાચીજ હોય તો આપણે કન્યાવિક્રય નજ કરીયે, કે કન્યાવિક્રયની વફાદારી કોઇપણ બ્હાને ન જ ઉઠાવી શકીયે; પરંતુ તેમ બનતું નથી તેથી સિદ્ધ થાય છે કે કન્યાવિક્રય પાપ છે એ માન્યતા આપણે માત્ર જીભના ટેરવાથી વધુ ઉંડી ઉતરવા દીધી નથી. એ માન્યતાને ઠેઠ અંતઃકરણ સુધી પહોંચાડવાની જરૂર છે અને અંતઃકરણમાં એ માન્યતા ઠસી એટલે કન્યાવિક્રયનું પાપ ધોવાઇ ચુક્યું જ સમજવું.

આ સીદ્ધિને સારૂ કન્યાવિક્રય સામે વર્તન વિરોધી થવાની દરેકને જરૂર છે. કોઇપણ પાપને અંતઃકરણ પૂર્વક સ્વીકાર્યા વિના તે પાપથી બચી શકાતું નથી. અને અંતઃકરણનો સ્વિકાર તે તે પાપ સામે વર્તનમાં વિરોધ બતાવ્યા સિવાય સીદ્ધ થતો નથી. આ વર્તન વિરોધને જુદાં જુદાં નામોથી ઓળખી શકાય છે. વહેવારીક રૂસણું, વહેવાર ત્યાગ, અસહકાર, સત્યાગ્રહ, એ બધાં નામો વર્તન વિરોધને આપી શકાય છે.

મુરબ્બીઓ, તમારાં પાપ મુકાવવા, એ પાપના પ્રતાપે તમારો અને અમારો નાશ થતો અટકાવવા, સાચી ધર્મભાવના દરેક જ્ઞાતિબંધુનાં અંતઃકરણમાં પુનઃ પ્રકટાવવા, જાતીય પવિત્રતાનું રક્ષણ કરવા, નિર્દોષ કુમારીકાઓને બચાવી લેવા, સાચી વણીક ખાનદાની અને સ્વમાન પાછાં મેળવવા, સારૂ કન્યાવિક્રય કરનાર અને તેની સાથે વહેવાર રાખનાર દરેક વ્યક્તિ સામે, એકમાત્ર જગત નિયંતાને જ આધારે, આ વહેવાર ત્યાગ યાને સત્યાગ્રહ પોકાર્યો છે. જાહેર કર્યો છે. આમાં તમારા સામે કે તમારી સાથે વહેવાર રાખનારા સામે જરાયે ધિક્કાર નથી. માત્ર જ્ઞાતિય વહેવારની સગવડોનો ભોગ આપી, સત્યને, પવિત્રતાને, ન્યાયને પ્રકાશમાં લાવવાનો જ હેતુ માત્ર રહેલો છે. પોતે પવિત્ર થવું, અને પોતાની સગવડોનું બળીદાન દઇ બીજાના હૃદયમાં એ પવિત્રતા રેડવી, અને પવિત્ર બનાવવા, એજ આ વહેવાર ત્યાગની હીલચાલનો મુખ્ય ઉદ્દેશ છે.

૧૦૧૨૭

કન્યાવિક્રયાદી અન્યાયો સામે યોજેલો આ વહેવાર ત્યાગ શું છે; એ ઉપલા ખુલાસાથી તમે તેમ જ પ્રત્યેક વાંચનાર વ્યક્તિ જોઇ શકશે, સમજી શકશે. માત્ર અયોગ્ય ઉમ્મરે કુમારીકાને પરણુવા ઇચ્છનાર, અને દીકરીના પૈસાથી જ નભવા ઇચ્છનાર, આ જ્ઞાતિમ ઉન્નતીના પવિત્ર અને નિતીમય માર્ગને ખોટાં રૂપ આપી તમને અને અન્ય જ્ઞાતિબંધુને ભડકાવવાનું નિંદ્ય કાર્ય કરતા રહેશે. એવાઓનું કહેવું પણ તમે સાંભળજો. અને જેના કહેવામાં તમને સત્ય, ધર્મ, પવિત્રતા, દેખાતાં હોય તેના કહેવાને અનુસરજો.

સારા થવું, સારામાં ગણાવું, સૌને પ્રિયજ હોય છે. આ વિશ્વાસે હું તો, તમને સઘળાઓને એક પ્રકારની સ્વાર્થ જાળમાં ઇચ્છાયે કે અનિચ્છાયે ફસાઇ ગયેલા માનું છું. અને તેથી સત્યની, પવિત્રતાની ઝાંખી થયે તમે પાછા, પૂર્વજોની જેટલા જ લાયક, ખાનદાન, પવિત્ર, અને સ્વધર્મ નિષ્ટ બની જશો; એ મારો દ્રઢ વિશ્વાસ છે. તમો મુરબ્બીઓનો મોટો ભાગ ગામડાવાસી છે. અને ગરીબ સ્થિતિમાં છે. હું પણ એક ગામડાવાસી છું અને ગરીબ છું. તમને મુરબ્બીઓને કોઇ પણ ભોગે પાપમાંથી ખેંચી લઇ પવિત્ર બનાવવાની મારી મહદ્ ઇચ્છા છે. (ગરીબો ગરીબાઇને લીધે જ કન્યાવિક્રય કરે છે એ માન્યતા ખોટી છે. ગમે તેવો ગરીબ માણસ પણ જો ધર્મ સમજતો હોય તો તે ગરીબાઈમાં ભુખે મરવું પસંદ કરશે પણ કન્યાવિક્રય કદી નહી જ કરે. આ વહેવાર ત્યાગ ધર્મભાવના જાગ્રત કરવાનું એક પવિત્ર સાધન છે.) એટલે તમને સુધારવા યા તો સુધારવાનો પ્રયત્ન કરતા કરતા જ મરવું, એ મારા બાકી રહેલ આયુષ્યનો મુખ્ય કાર્યક્રમ છે. મારો આ કાર્યક્રમ, મારી આ મહદ્ ઇચ્છા, પાર પડવી પ્રભુના હાથમાં છે. અભીમાનથી મેં આ કાર્ય ઉઠાવ્યું નથી. અભીમાન કોઇનું કદી રહ્યું પણ નથી, અને રહેશે પણ નહિ એટલું સમજવા જેટલો હું છેક અજ્ઞાન પણ નથી. મારા જ્ઞાતિ પ્રત્યેના જીવનની આ એક મુખ્ય ફરજ માની મેં આ કાર્ય હાથ ધર્યું છે. પ્રભુ ન્યાયીનો અને સત્યનો સહાયક છે. અને મને પ્રભુની અગાધ શક્તિ પર પુરો વિશ્વાસ છે. આથી નિરાભીમાનપણે હું માનું છું કે આ પ્રયત્નમાં છેવટે વિજય જ છે. કન્યાવિક્રયનો નાશ નક્કી જ છે. સાચા સુધારાની શરૂઆત પણ થઇ ચુકી જ છે. આગળ જણાવ્યા મુજબ આ માર્ગે ઓછે વત્તે અંશે ચડી ચુકેલ વ્યક્તિઓ એનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

બે વાંસ ઘસાયાથી અગ્નિ ઉત્પન્ન થાય છે; અને વાંસના પ્રચંડ જથ્થાનો નાશ કરે છે. બે વાદળાં સામસામાં અથડાવાથી વીજળી ઉત્પન્ન

થાય છે; અને ગમે તેવા મજબુત મકાનનો નાશ કરી નાખે છે. તેમ કન્યા આપનારનો પુત્ર સ્વાર્થ યા દ્રવ્ય સ્વાર્થનો લોભ અને કન્યા લેનારનો જલ્દી ઘર સંસારી થવાનો લોભ. આ બેઉ પ્રકારના લોભની અથડામણથી ઉત્પન્ન થતો કન્યાવિક્રય રૂપ અગ્નિ અત્યારે આખી જ્ઞાતિને બાળી મુકતો દેખાય છે. બન્ને સ્વાર્થો શુદ્ધ છે પણ તેને સાધવાના ઉપાયમાં રહેલાં લોભનાં તત્વો, ન્યાય દૃષ્ટિએ અતિશય નિંદ્ય છે. ત્યાજ્ય છે. બન્ને સ્વાર્થો ન્યાય માર્ગે સધાવા જોઇએ, અને બંને સ્વાર્થો સાધતાં વપરાતાં નિંદ્ય તત્વોનો નાશ થવો જોઇએ, આથી એક વર્ગ સુધરે ને એક ન સુધરે ત્યાંસુધી કન્યાવિક્રયનો નાશ અશકય છે. આમ મારી સમજ હોવાથી કન્યાવિક્રય કરાવનાર વર્ગને સંબોધી મને જે જણાવવું જરૂરનું હતું તે હું જણાવી ચુકયો અને હવે તમો કન્યાવિક્રય કરનાર મુરબ્બીઓને જે કહેવું છે તે જણાવવા ઇચ્છું છું. કન્યાવિક્રયના દોષને તેના ખરા રૂપમાં ખુલ્લો કરતાં મારે જે કટુભાષા વાપરવી પડે તે બદલ તમારી ક્ષમા ઇચ્છું છું.

મુરબ્બીઓ, આપણને આપણો કોઈ સ્નેહી પોતાના સંભારણા તરીકે કાંઇ યાદગાર ચીજ બક્ષીસ આપે છે ત્યારે તે ચીજની કીંમત કરતાં તેની વધુ કીંમત કોઈ આપે છતાં આપણે તે વેચતા નથી. ઘરની શોભા તરીકે, સ્નેહીની યાદ તરીકે, એ બક્ષીસને આપણે જાળવીએ છીએ. આપણે એવી જ યાદગીરી તરીકે કાંઇ ચીજ આપણા સ્નેહીને આપવી હોય ત્યારે, બીજી લાયક ચીજ ન હોય તો પેલા સ્નેહીને બક્ષીસ મળેલી ચીજને બક્ષીસ તરીકે આપીએ છીએ અને એમ કરીને બક્ષીસ આપનારનો હેતુ જાળવીએ છીએ. જન સમાજની ખાનદાનીનો આ એક નિયમ છે. એ નિયમ અત્યારે સર્વત્ર પળાય છે કે નહી એ જુદી વાત છે. પરંતુ બક્ષીસ આપનાર અને લેનારને માટે આ વર્તન શોભારૂપ છે એટલું જ કહેવાનો ઉદ્દેશ છે.

ગ્રહસ્થાશ્રમીને ત્યાં પુત્ર પુત્રીની પ્રાપ્તિ થવી એ જગત નિયંતા તરફથી મળેલી મહાન બક્ષીસ છે. પુત્ર પીતાનું કુળ તારે છે, પુત્રી પીતાનાં અને સ્વસુરનાં બંને કુળોને તારનારી છે. સીતા, દમયંતી, સાવીત્રી, આદીનાં ચરિત્રો એના પુરાવા રૂપ છે. આમ બંને બક્ષીસમાં પુત્ર કરતાં પુત્રી વધુ કીંમતી છે. આપણે ધર્મ ભુલ્યા, દ્રવ્યના લોભી બન્યા, જાત મહેનત કરવામાં આળસું બન્યા, અને પુત્ર રળીને આપે તે કરતાંયે પુત્રીના એક સામટા વધુ દામ લઈ પુત્રીને વેચવાનો નિંદ્ય ધંધો લઈ બેઠા. બક્ષીસની ચીજ બક્ષીસ તરીકે આપવાનો બક્ષીસ આપનારનો ઉદ્દેશ ભુલી જઇ, પુત્ર

જીંદગી ભર ન કમાઇ શકે એટલું દ્રવ્ય પુત્રી લેનાર પાસેથી પડાવવા લાગ્યા. પરમાત્માની ઇચ્છા વિરૂધનાં આ વર્તનથી આપણે પતિત બન્યા છીએ, અને હવે આપણા જ વર્ગના છોકરાઓને વરાવવાનું અશક્ય થઇ પડ્યું ત્યારે દોષ બીચારા કન્યાવિક્રય કરાવનારાઓનો કાઢવા નિકળ્યા છીએ.

પૈસાદારો બીચારા શું કરે! તમારે તમારી પ્રમાણીક આવક વધાર્યા વીના, પૈસાદારોની રહેણીયે સંસારનો વૈભવ ભોગવવો. અને એ ઇચ્છા કન્યા માગનાર પાસેથી પુરી પાડવી, આવી હીનતા તમારામાં હોય ત્યાં સુધી કોઇ પણ ધનવાન કે જે બધી રીતે લાયક હોવા છતાં તેનો કન્યા મેળવવાનો આધારજ તમારા ઉપર લટકી રહ્યો હોય ત્યાં તેનો ઉપાયશો!!

પૈસાદારો બીચારા આ જુલમને તાબે થઇ, સ્વમાન અને લાયકાતને સંભારવીયે ભુલી ગયા છે; તેમ તમારો ગ્રહસ્થાશ્રમ, કે જે પુર્વે એક આદર્શ-રૂપ ગ્રહસ્થાશ્રમ લેખાતો, તે અત્યારે પૈસા આપી પરણનારા વર્ગને માટે જ, કન્યાઓ ઉત્પન્ન કરનારાં કારખાનાંઓ સમાન બની ગયો છે. આ સ્થીતીથી તમારે ખરેખર શરમાવું ઘટે છે. તમારી પુરાતની સાદાઇમાંજ અને પ્રમાણીક આવકમાંજ તમારે સંતોષ માનવો ઘટે છે, બક્ષીસ રૂપે પ્રાપ્ત થયેલ પુત્રીઓને વેચતા અટકવું ઘટે છે.

મુરબ્બીઓ, બક્ષીસનો એક અર્થ દાન પણ થાય છે. અને કન્યાની સરજત ઇશ્વિરે દાન નિમીત્તેજ કરી છે; એ વાતની તમે ના કહી શકો તેમ નથી. કારણ વિક્રય કર્યા છતાં, એજ વેચેલી કન્યાનું પાણી ગ્રહણ કરાવતી વેળા, માથે પેંઠની નવી પાઘડી ચકચકીત તાર સાથે ઘાલી, સુંદર રેશમી પીતાંબરી પહેરી, ઝરીકીનારનો દુપટો ઓઢી, દાનેશ્વરી કર્ણ જેવા બની તમે કન્યાદાન દેવા બેસી જાઓ છો. આ આડંબર ભર્યો લગ્ન વિધી કરતાં તમે જગત નિયંતાની અને જન સમાજની હડહડતી મશ્કરીજ કરો છો એનું તમને ભાન છે ખરૂં!!

મુરબ્બીઓ, મને માફ કરજો, અને તમારા મનથીજ જરા વિચારજો કે જેનું દાનજ અપાવું જોઇએ તેનો વિક્રય કરવો એ ક્યા શાસ્ત્રાધારે!! વિક્રય કરતી વખતે સ્વાર્થાંધ બની શાસ્ત્રો અને ઇશ્વરને ભુલી જનારા તમે વળી લગ્ન પ્રસંગ ઉજવતાં એજ ઇશ્વર અને એજ શાસ્ત્રોના શ્રદ્ધાળુ ભક્ત શા માટે બની જાઓ છો!! એક ઘરાકનો ખરીદેલ માલ તેને સોંપી દેવાના વળી વિધી શા! વિક્રયથી આપેલ કન્યાનું દાન આપવા બેસવું એ તમાર

આડંબરી કૃત્યને શાસ્ત્રવીધી સમજવો કે ઢોંગ સમજવો!! તમારો કોઇ બ્રાહ્મણ ઘરાક તમારી દુકાનની કોઇ ચીજ ખરીદીને તમારી કે તેની પોતાની સગવડે લેવા આવે તો તે ચીજને આપતી વેળા બ્રાહ્મણ પાસે સ્વસ્તી કહેવરાવશો તો તે સ્વસ્તી કહેશે ખરો!! જમાઈ તરીકે પરણવા આવનારને પુરા પૈસા લઇને આપેલ કન્યા સોંપતા તમે સ્વસ્તી કહેવરાવો છો. આ હડહડતો અન્યાય છે. ઘોર અત્યાચાર છે, ઇશ્વિર અને જન સમાજની સામે ભયંકર છેતરપીંડી છે. શાસ્ત્રોમાં લખેલી ઇશ્વરી આગ્નાઓ પાળવામાં સંપુર્ણ તો કોઇજ નથી. પણ જે ઇશ્વરી આગ્નાઓના ભંગથી આપણો અને જ્ઞાતિનો નાશ થવા માંડયો હોય તે આગ્નાઓનો ભંગ કરતા સૌએ અટકવાની જરૂર છે. જ્ઞાતિના હિત અર્થે, દીકરીઓ વરાવવામાં ઇશ્વરી આજ્ઞા પ્રમાણે તમે વરતો એ મારી નમ્ર માગણી છે.

મુરબ્બીઓ, દીકરીનું દ્રવ્ય લેનારાઓ દરેકની સ્થિતી મનથીજ વિચારી જોશો તો માલુમ પડશે કે એ પાપી પૈસો કોઇ પાસે રહ્યો નથી. એ પાપી પૈસે કોઇ કુટુંબનો ઉદ્ધાર કર્યો નથી; કન્યા લેનારને નિચોવીને પૈસા કઢાવનાર પોતે દૈવ કોપે નિચોવાયલોજ રહેવાનો. ઘણા દાખવા દ્રષ્ટિ સામેજ છે. તે જોઇ સાચું કન્યાદાન આપતા થાઓ. મુરબ્બીઓ, કુમારીકાઓ જ્ઞાતિ સમુહને વધારનારી દેવીઓ છે, ભવિષ્યની માતાઓ છે. આ દેવીયો આ માતાઓ માટે, રાક્ષસી પશુઓ લઇ માત્ર શણગાર સજવાનું સાધન રહેવા દઇ તમે તેના જીંદગી ભરના આહાર વિહારના સાધનરૂપ દ્રવ્યને, કૌમારાવસ્થામાંજ છીનવી લ્યોછો. આ માતાઓને કપડાં લતાં અને દરદાગીનાથી શણગારાયલી જોઇ ખુશી થનારા તમે, એ માતાઓના સંસારની આર્થીક હાલતની તમારે હાથે થયેલી પાયમાલીના ગુપ્ત શ્રાપો જોઇ શક્તા નથી. પરણીને સાસરામાં ગયેલી આ દેવીઓ પોતાના ઘરનો આર્થીક રસ ચુસાઇ ગયેલો તરતજ જોઇ શકે છે પણ એ ચુસનાર પોતાનાંજ મા બાપો હોય ત્યાં દુખ કોની પાસે રડે! વાડેંજ ભરખેલું ચીભડું ફરીયાદ કોની પાસે કરે! છોડને ઉછેરનારો માળી છોડનાજ ખામણાનું પાણી પી જાય તેની ફરીયાદ છોડ કોની પાસે કરે! ગાયના ચરાણની ભુમીનું ઘાસ પ્રથમથીજ વાઢી લઇ ગાયને ચરવા મુકીયે ત્યાં તે બીચારી ભુખી રહે તેની ફરીયાદ તે કોના પાસે કરે! તેને ફરીયાદ કરવી રહીમાત્ર જગતનિયંતા પ્રત્યે; અને તે પણ ગુપ્ત નિશ્વાસોદ્વારાજ. ખુલ્લા નિશ્વાસો મુકી પ્રત્યક્ષ આંસું પાડે, તોયે જ્ઞાતિમાં એની દયા કોણ ખાય છે. જેઓ સારા અને સમજુ છે તેઓ તો એ ગાયોના ચરાણના લુંટેલા ઘાસની તાનકીઓ ખાઇ ખાઇને શરમીંદા બની

ગયા છે. ભવિષ્યની માતાઓરૂપ કુમારીકાઓ પરના આ અત્યાચારને અટકાવા ઇશ્વરી પ્રેરણાથી વહેવાર ત્યાગ યોજાયો છે. આ માર્ગમાં દરેક પાપ કરનાર વ્યક્તિ પોતાની ભુલોનો પશ્ચાતાપ કરી ભળી શકે છે. પાપ કરનાર દરેક માણસ પવિત્રતાનો અધીકારી છે. એટલે કરેલી ભુલોથી ન સંકોચાતાં તમે આ વહેવાર ત્યાગ સ્વીકારવા તૈયાર થાઓ એમ હું ઇચ્છું છું.

મુરબ્બીઓ. જ્યાં સુધી તમે દીકરીનો વિક્રય કરવાનું ચાલુ રાખશો ત્યાં સુધી તમારા દીકરાઓની પણ કમનશીબીજ છે. તે બીચારા તમારે ત્યાં જન્મતાંજ પોતાંની બ્હેનોનાં બળીદાન લેનારા તરીકે જનમ્યાનો જીંદગીભરનો પશ્ચાતાપ અને કલંક વહોરી લે છે. કારણ તમારામાંનો મોટો ભાગ એમ કહે છે કે દીકરો વરાવવા સારૂજ દીકરીના પૈસા અમે લઇએ છીએ. આમ દીકરાના પ્રભુ બની તમે તેનો સંબંધ સાધવાનું દુનીયાદારી ડહાપણ છોડતા નથી તેથી એ નિર્દોષ બાળકોનું ચારિત્ર્ય કલંકીત બને છે. ધાર્મીક જાગ્રતીના આ સમયમાં આપણા ઘણા યુવકોને 'પોતે બ્હેનના ભોગે વરેલા હોવાથી' શરમાઇને નીચું જોતાં હું અનુભવું છું. આમ તમારૂં દુનીયાંદારી ડાહાપણ અયોગ્ય હિતચીંતકપણું, તમારાજ બાળકોનાં ચારિત્ર્યને કલંકીત કરી મુકે છે.

મુરબ્બીઓ, તમારી સ્થીતી પ્રમાણે દીકરાને પુરતું વિદ્યાજ્ઞાન જેટલું વધારેમાં વધારે અપી શકાય તેટલું આપી દેવાથી તમારી દીકરા તરફના હિતચીંતક પણાની ફરજ પુરી અદા થાય છે. વિદ્યાજ્ઞાન લઇને દીકરો પોતે પોતાના બળે પરણી શકે તો પરણે, યા કુંવારો રહે. દીકરાને પરણાવવાજ જોઇએ એ ફરજ તમારા માથે નથી. હા પ્રમાણીક આવકના પૈસાથી દિકરો વરાવી પરણાવી શકાતો હોય તો એ શુભ પ્રસંગનો આનંદ મા બાપો લે એમાં કંઇજ ખોટું ન થયું ગણાય. પણ પોતાપાસે દીકરો વરાવવા જેટલી મુડી ન હોય તેથી દીકરીનો વિક્રય કરીને યા દીકરીને દ્રવ્યના બદલે આપીને દીકરો વરાવવાની ઇચ્છા કરવી એ તો આંધળું હિતચીંતકપણું ઠરે છે. નિતીથી વરતતાં દીકરો ન વરે તો અનિતીથી વરતીનેયે વરાવવો એનો અર્થ તો એજ થાય કે મારે દ્રવ્યની જરૂર છે અને તે પ્રમાણીકપણે ન મળ્યું તો કોઇની ત્રીજોરી ફાડીને પણ મારે તે મેળવવું. દ્રવ્યની જરૂરને ખાતર ચોરી કરવી એ જો અધર્મ કર્યો એમ તમે કહી શકો તો દીકરાને અનીતીમય દ્રવ્યથી ન જ વરાવાય, દીકરીનું બલીદાન આપીને ન જ વરાવાય એટલું આપ મુરબ્બીઓએ સ્વીકારવું ઘટે છે.

મુરબ્બીઓ, બીજાની કન્યા લેતી વખતે શક્ષલી પલ્લું, હોંશનાં કપડાં, હોંશનો દાગીનો રાક્ષસી વરણું, ન્યાતમાં જેણે વધુમાં વધુ આપેલું હોય

તેને મુકાબલે લેવાની માગણી તમારા પાસે કન્યા પક્ષ કરે છે. અને તે તમારે સ્વીકારવી પડે છે. તમારૂં મન તે વખતે બહુ જ દુભાય છે. ન્યાતમાં ક્યાંયે ન્યાય નથી, કોઇ કોઇને પુછનાર નથી, આવા ઉદ્દગારો તમે કાઢો છો. પણ પોતાની કન્યા બીજાને આપતી વેળા તમે એ પ્રમાણે લેવામાં ઓછા ઉતરોછો ખરા!! આ પ્રશ્ન મનથી જ વિચારી લ્યો. જે બોજો તમને અસહ્ય લાગ્યો તે બીજાપર લાદી દેતાં તમને દયા આવે છે ખરી! તમે તો તે વખતે એમ જ ધારો છો કે અમુક અમુક ઘરે આ પ્રમાણે લેવાયું છે તો હું શા માટે ન લઉં. ન્યાયનો સિદ્ધાંત તો એમ કહે છે કે "જેવું વર્તન તમે બીજા પાસેથી પળાવવાની આશા રાખો તેવું વર્તન તમે બીજાને તમારા તરફથી પાળી દેખાડો" તો જ ન્યાય મળી શકે. બીજાએ ખોટું કર્યું છે તો મારે પણ ખોટું શા માટે ન કરવું એવી વૃતી આપણામાં રહેશે ત્યાં સુધી આપણે સૌ એક બીજાને હાથે રીબાયા જ કરશું. બીજો ખોટું કરે તો પણ મારે તો જે ખરૂં હોય જે વાજબી હોય તે જ કરવું છે. આ સ્વાર્થ ત્યાગનો સિદ્ધાંત છે તે વર્તનમાં મુકવો ઘટે છે.

મુરબ્બીઓ, આપણા પુર્વજોની સાદાઇને પાછી ધારણ કરો, આપણી માતાઓ નાની રકમનાં પલ્લાં છતાં સાદાઇમાં સુખી અને સંતોષી જીવન ગાળતી હતી એમ ઘણીએ વૃદ્ધ માતાઓના મુખેથી મેં સાંભળ્યું છે. અત્યારે તો આપણે પુરૂષ વર્ગ, ઠાકોરજીને જેમ નિત્ય નવા શણગાર ધરાવાય છે તેમ સ્ત્રીયોને ઢીંગલી દેવી ગણી નિત્ય નવા કપડાં દાગીનાથી શણગારતો થઇ ગયો છે. જો એમ ન હોય તો ગામડામાં રહેનાર આપણે અઢી હજારનાં પલ્લાંને શું કરીએ! રંડાપો તો સ્ત્રીઓને આપણા વડવાઓના વખતમાં પણ આવતો તેનું ભરણ પોષણ ત્રણસોના પલ્લે કેમ થતું હશે! પશ્ચીમની પ્રજાની ફેશનનો ચેપ શહેરના શ્રીમંતોને લાગ્યો અને શહેરના શ્રીમંતોનો ચેપ ગામડાના વતનીઓને લાગ્યો. એક બીજાની વાંદરીયા નકલ કરતાં આપણે શીખ્યા અને એ ફેશનનાં ભુતને વશ થઇ આપણા સુરીવાજોને કુરીવાજોના રૂપમાં ફેરવી નાખ્યા, શ્રીમાનો દ્રવ્યબળે પોતાનો વૈભવ ભોગવે છે અને આપણે એક બીજાને પરસ્પર નિચોવીને વૈભવ માણીએ છીએ. આ બધું સ્ત્રી વર્ગની ઢીંગલી પુજાને લીધે જ આ દોષમાંથી બચવા આપણે અસલ સાદાઇમાં શ્રદ્ધાળુ થવું ઘટે છે. સ્ત્રી પોતાના સદગુણથી જેટલી શોભે છે તેટલી ફેન્સી કપડાં લેતાં કે દાગીના ધારણ કર્યાથી નથી શોભતી. એક ફેશનમાં અપ ટુ ડેટ બનેલી સ્ત્રી કરતાં એક સાદા દાગીના હંમેશાં ધારણ કરનારી સ્ત્રીમાં સદગુણો વધુ જ હોય છે. આપણે પુરૂષ વર્ગ ધારીએ તો

સ્ત્રી વર્ગમાં પેઠેલું આ ફેશનનું ભુત જરૂર કાઢી શકીયે. એને પરિણામે અનેક જરૂરીયાતો ઓછી થઇ જવાથી કેટલાક રીવાજો સહેલાઈથી સુધરી જાય. દરેક દરેક કુટુંબનો મુખ્ય પુરૂષ ધારે તો પોતાના કુટુંબમાં બધી જાતની સાદાઇ લાવી શકે. દેશની આબાદી જેમ ખાદીમાં રહેલી છે તેમ આપણે આપણી આબાદી ખાદીમાંથી જ મેળવી શકીયે, સાદાઇનું રહસ્ય સમજી શકાય તો.

મુરબ્બીઓ, તમારામાંના ઘણાએ મુરબ્બીઓ મારા સગા છે, સંબંધી છે, સ્નેહી છે, એ સિવાયના દરેકને હું તો મારા નજીકના સગા તરીકે જ માનું છું. અને એ દાવે તમારી સૌની સમક્ષ, નમ્ર અને આગ્રહભરી માગણી કરૂં છું કે કન્યાવિક્રયના પાપને ચીતરતાં જે ટીકા કરી છે તેથી મારાપર ગુસે ન થતાં તેમાં રહેલું તમારૂં તેમજ ગ્નાતિનું અનિષ્ટ તમે સમજો, તમારા આચરણમાંથી જનસમાજ જે ભુલો કાઢી શકે તે મેં આ તમારી સમક્ષ મુકી છે. લક્ષપુર્વક વાંચીને તે ભુલો તમારે સુધારવી ઘટે છે. તમે ઇશ્વરને તદ્દન જ ભુલી ગયા છો. ઇશ્વર ઉપરની શ્રદ્ધા તમે ખોઇ બેઠા છો. એ ઇશ્વરને ઓળખો, એની અગાધ શક્તિપર વિશ્વાસ રાખો, બાલબચ્ચાં વરાવવા ખાતર અધર્મ ન કરો. દીકરા દીકરીના પ્રભુ ન બનો એઓ પણ ભાગ્ય લઇને જ અવતર્યા છે. ભાગ્યમાં હશે તો વરી રહેશે. એ ભાવના જ્યાં અધર્મ કરવો પડે ત્યાં જાગ્રત રાખી અધર્મથી બચો. ધર્મને ખાતર ભુખે મરવું પસંદ કરો પણ કન્યાવિક્રય ન કરો, સામસામાં સગપણો ન કરો, યાદ રાખજો કે ઇશ્વર ન્યાયી છે. પાપીઓને તેનાં પાપની સખત સિક્ષા કરે છે. છતાં તે દયાળુ પણ એટલો બધો છે કે ગમે તેવો પાપી માણસ અંતઃકરણથી પોતાનાં પાપનો પાશ્ચાતાપ કરે તો તેનાં બધાં પાપ તે માફ કરે છે.

સુરદાસ એક મહાન વ્યભીચારી હતા, પોતાનાં પાપનો પશ્ચાતાપ કરી તેણે પ્રભુને ઓળખ્યા અને જગતમાં ભગવાનના પરમ સખા તથા મહાકવી તરીકે પ્રસીદ્ધ થયા. લુંટના ધંધામાં સેંકડો ખુન કરનાર ભીલે પોતાના પાપનો પશ્ચાતાપ કરી પ્રભુને ઓળખ્યા અને જગતમાં એક મહાન રૂષી અને રામાયણના કર્તા તરીકે વાલ્મીકી નામે પ્રસીદ્ધ થયા. કન્યાવિક્રયના પાપમાંથી મુક્ત થઇ પ્રભુને ઓળખવાને, સત્યને ધર્મને અનુસરવાને આ બે દ્રષ્ટાંતો બસ છે. પ્રભુ તમને સદ્દબુદ્ધી અરપો.

"કન્યાવિક્રય કરનારી માતાઓને"

હે માતાઓ, ધર્મ તરફ સદભાવ બતાવવામાં પુરૂષ વર્ગ કરતાં તમારો સ્ત્રી વર્ગ વધે છે. પરંતુ આ કહેવાતો સદભાવ માત્ર દેવદરશન કરવામાં,

કથા વાર્તા સાંભળવામાં, યા તો ઘરમાં દેવસેવા કરવામાં જ સમાઇ જાય છે. બાલબચ્ચાંને વરાવવાની બાબતમાં માતાઓનો ધર્મ શો છે તેનો વિચાર કોઇ પણ માતાઓને ભાગ્યે જ થતો હશે.

હે માતાઓ તમે તરત જ તમારી ભુલ જોઇ શકો એવું એક સાધારણ દ્રષ્ટાંત તમારી સમક્ષ મુકું છું. ગોરસ એટલે દહીં વલોવતાં આપણને બે ચીજ મળે છે. માખણ અને છાશ. માખણનું ઘી બને છે અને તે લાંબો સમય રહી શકે છે. તેથી માખણ કીંમતી મનાયું છે. તે આપણે કોઇને મફત આપી દેતાં નથી. અને છાશ એક જ દીવસ પડી રહે તો ખાટી અને વાસ ફેર થઇ જાય છે. તેથી તેનો મફત નીકાલ કરી નાખીએ છીએ. આ વાત આપણે સ્વાર્થની દ્રષ્ટિએ તપાસી. હવે ધર્મની દ્રષ્ટિએ વિચારશું તો એમ લાગે છે કે માખણમાંથી ઘી બને છે તે યજ્ઞની અહુતીઓ આપવામાં, દેવતાઓને બીરાજવાના સ્થળમાં દીવાઓ કરવામાં, જરૂરનું હોવાથી શ્રેષ્ટ મનાયું અને છાશ, પ્રાણીઓ (મનુષ્ય તેમજ ઢોરો) ના આહાર શીવાય બીજા કશા કામમાં ન આવતી હોવાથી કનિષ્ટ મનાઇ. રૂષિ મુનીઓએ એ ઉદ્દેશથી (ઢોરો તથા માણસોના આહારની ચીજ હોવાથી અને વધુ વખત સુધી તે ચીજનો (છાશનો) ગુણ ટકી ન રહેતો હોવાથી) તેનો મફત જ નિકાલ કરી નાખવાનું ધર્મ્ય ગણ્યું વળી છાશ વૈદક નીયમે આયુષ્ય વધારનારી હોવાથી જન સમાજની અતી ઉપયોગી ચીજ ગણી રૂષી મુનીયોયે તેનું મફત અપાવું દાનરૂપ ગણ્યું હોય એમ લાગે છે. આથી અત્યારે પણ કોઇ ઘેર છાશ વેચાતી હોય, અગર છાશના બદલામાં કામ કરવાનું હોય તેની જનસમાજમાં નિંદા થાય છે.

હે માતાઓ, ગ્રહસ્થાશ્રમથી પુત્ર અને પુત્રી પ્રાપ્ત થાય છે. પુત્ર કોઇ પણ સારી માઠી સ્થીતીમાં માતા પીતાને રળીને ખવરાવનારો હોવાથી કીંમતી ઠરે છે, અને પુત્રી તો પારકાઘરની વસ્તુ હોવાથી માતાપીતાના ભરણપોષણના કે સેવા ચાકરીના કામમાં ખરા ઉપયોગની ન હોવાથી સ્વાર્થ દ્રષ્ટિએ નિરૂપયોગી ઠરે છે. અને તેથી જ તેનો સંબંધ જોડયા પછી આપણે તેના તરફની ચીંતા પુત્રના જેટલી રાખતાં નથી. આ વાત સ્વાર્થની દ્રષ્ટિયે તપાસી હવે ધર્મની દ્રષ્ટિએ વિચારશું તો એમ લાગે છે કે, પુત્રને પીંડ દાનનો અધીકાર મળેલો છે. અને કુટુંબની રક્ષાનો ભાર તેને માથે મુકાયો છે. તેથી પુત્ર માતપીતાના જીવનનું કીંમતી સાધન ઠર્યો. પુત્રીને પીંડ દાનનો અધીકાર નથી આપ્યો છતાં તે તેના સતિત્વના બળે માતા

પીતા અને સ્વશુર કુટુંબને તારી શકે એવો પ્રભાવ શાસ્ત્રોએ શીયળ ધર્મમાં મુકી, સ્ત્રી દેહને પુરૂષ દેહ કરતાં બેવડો ઉત્તમ ઠરાવ્યો. વળી પુત્રી માનવ સૃષ્ટીને વધારનાર ક્ષેત્ર સ્વરૂપા હોવાથી, રજોદર્શનની અવસ્થાએ પહોંચી જાય તો માબાપોને કલંકરૂપ થનારી ઠરાવી, એ અવસ્થામાં આવ્યા પહેલાં જ એનું દાન કોઇ લાયક પુરૂષને આપી દેવાનું શાસ્ત્રોએ ઠરાવ્યું. સ્ત્રી દેહના શિયળ ધર્મમાં માતાપીતાનો ઉદ્ધાર કરવા જેટલો પ્રભાવ મુકેલો હોવાથી જ શાસ્ત્રોએ પુત્રીને દાનથીજ આપવાનું ઠરાવ્યું છે. કારણ સાસરે જઈ સાસરીયાનું માણસ ઠર્યા છતાં, પોતાનું ભરણ પોષણ અને રક્ષણ પોતાનો સ્વામી યા સ્વશુર પક્ષ કરતો હોવા છતાં, શીયળવ્રતના પ્રભાવે સ્ત્રી દેહ માતાપીતાને પણ નર્કવાસથી મુક્ત કરે છે. આમ હોવાથી શાસ્ત્રોએ માબાપોને કન્યા દાનથી જ આપવાની આજ્ઞા કરી છે. પુત્રીનો વિક્રય શા માટે ન કરાય અને દાનજ શા માટે આપવું જોઇએ એવી શંકા થાય તેનો આ નિર્ણય છે.

હે માતાઓ, આ પ્રમાણે છાશ અને પુત્રી બંને દાનરૂપ છે. તમારૂં અત્યારનું વર્તન છાશના સંબંધમાં નિતીમય છે અને પુત્રીના સંબંધમાં અનીતીમય છે. તમે છાશ વેચવામાં પાપ માનનારી માતાઓ પુત્રીને વેચી નાખો છો યા તો પુત્ર માટે કન્યા લેવા સારૂ બદલામાં આપો છો. દેવદરશનમાં કથાવાર્તા સાંભળવામાં, ઘરમાં નિયમીત દેવશેવા કરવામાં, સાચી શ્રદ્ધા રાખનારી માતાઓ! તમારે હાથે પુત્રીઓપર થતો અધર્મ તમને અને જ્ઞાતિને પતિત બનાવે છે. તમારે સમજવું ઘટે છે.

હે માતાઓ, તમે કહેશો કે વિક્રય કરવો કે ન કરવો એ વાત પુરૂષ વર્ગના અધિકારની છે. અમારો એમાં શો ઉપાય. આવો જવાબ વાજબી ઠરશે નહી. પણ છુટી જવાની બારીરૂપ ગણાય. પુરૂષવર્ગ તો સ્વાર્થી છે અને રહેવાનોજ, પણ ઘણી બાબતોમાં પુરૂષો સામે સ્ત્રીઓ સત્યાગ્રહ આદરી પોતાનું ધાર્યું કરાવે છે. તેમ દીકરીઓનો વિક્રય કરતા પુરૂષ વર્ગને સ્ત્રી વર્ગ અટકાવવા ધારે તો સત્યાગ્રહ આદરીને પાપ કરતો અટકાવી શકે છે. કુટુંબે કુટુંબનો સ્ત્રી વર્ગ, કન્યાવિક્રયની બાબતમાં, પુરૂષ વર્ગની જ એ લોભી વૃતીનું પરિણામ હોય, તો જરૂર સત્યાગ્રહ આદરી આખી ન્યાતને પવિત્ર બનાવી શકે. પણ માતાઓ, જેટલી દ્રવ્યની લાલચ પુરૂષોને છે તેટલીજ તમારે રહેલી છે. એટલે તમે કન્યાવિક્રયનું પાપ પુરૂષ વર્ગને હાથે થવા દેવામાં સામેલ છો. તેથી તમે દીકરીઓપર મમતા ધરાવનારી માતાઓ માત્ર કહેવાનીજ ઠરો છો.

જગત માને છે કે દીકરા કરતાં દીકરીપર માતાનું હેત વધુ પ્રમાણમાં હોય છે. જગતની આ માન્યતા કન્યાવિક્રય કરનારી માતાના સંબધમાં ખોટીજ ઠરે છે હા કન્યાવિક્રય ન કરનારી માતાઓના સંબંધમાં આ માન્યતા સાચી ઠરે ખરી. પણ ઘરની પૈસા સંબંધી કફોડી હાલતમાં રહેનારી માતાઓ દ્રવ્યની તરશ જમાઇની ત્રીજોરી ખાલી કરાવીનેજ છીપાવે છે. આવી માતાને દીકરી તરફે મમતા રાખનારી કેમ માની શકાય. બધી દીકરીઓને માટે પૈસાદાર જમાઇ મલીજ રહે એવું તો બનતુંજ નથી. અને પૈસાદાર ન મળ્યો તો ગરીબ જમાઇની પણ એજ દશા કરવામાં દ્રવ્યની તરશી માતાઓ દીકરીના ભવિષ્યના સુખ માટે દરકાર રાખતી નથી. મોટાં પહાં દીકરીને કપડાંલતાં ને દાગીના પહેરવા મળે તે પ્રમાણે કઢાવેથી ન્યાત જાતમાં દીકરી પહેરી ઓઢીને ફરતી સો જોઇ શકે છે. પણ ઘરના અંદર દીકરીની હાલત કેવી છે તે તો તે દીકરી અને તેનો ધણીજ જાણે. માતાઓ કે ન્યાતનાં માણસોને એ દુખ સામે કંઇજ લેવા દેવા હોતી નથી. જમાઇની કરજાળુ જીંદગી લાંબો વખત રહે છે. કરજના હમા, વ્યાજ, ઘરખરચ, ઇત્યાદીને પહોંચી વળવા જેટલી જમાઇની આવક ગામડામાં અને શહેરમાં પણ ભાગ્યેજ હોય છે. આથી હે માતાઓ, તમે તમારો સ્વાર્થ સાધવામાં દીકરીના સુખનો કાંઇજ વિચાર કરતાં નથી એ ભારે શોચની વાત છે, દીકરીને મમતાથી ચહાનારી માતાઓ તમારો આ અત્યાચાર ઇશ્વર કદી સાંખવાનોં નથી, તમારી નજર સામે અનેક ઘેર તાળાં દેવાતાં જાય છે ને બાળ વિધવાઓ વધતી જાય છે. તે ધ્યાનપર લાવી પાપ કરતાં અટકો.

હે માતાઓ, દેવદર્શન અને કથા વાર્તા પરનો તમારો સદભાવ હોય તેવો કાયમ રહે એમ હું ઇચ્છું છુ. પણ તમે દેવદરશનમાં કે કથા વાર્તામાં દીકરીના પૈસાથી જે પુણ્ય કરતાં હશો તેનું કશુંજ ફળ તમને મળવાનું નથી, એ વાત તમારે સમજવી ઘટે છે. દીકરીના વિક્રયના પૈસા દેવમંદિરે ધરશે તે દેવો કદી પણ અંગીકાર કરતા વથી કથાવાર્તા વાંચનાર બ્રાહ્મણો પણ એ પૈસા લઇને ભ્રષ્ટજ થયા છે ને થતા જાય છે.

બ્રાહ્મણો, પુજારીઓ, આચાર્યો, સૌને પોત પોતાના સ્વાર્થો વળગેલા હોવાથી તમારો પૈસો પાપી છે કે પવિત્ર તેનો વિચાર તેઓ કરતા નથી, કેટલાક તો જાણુતા હોવા છતાં કન્યાવિક્રયનો પાપી પઇસો ખુશી થઇને સ્વીકારે છે કારણ તેઓ પણ એ પાપી પૈસાનાં અનાજ ખાઇ ખાઇ ભ્રષ્ટ

બની ગયા છે. જે વર્ગનો આધાર માત્ર જનસમાજની સેવાઓ લઈ દ્રવ્ય ઉપાર્જન કરવામાં જ રહેલો છે તે બધા જનસમાજના પાપી પૈસાથી ભ્રષ્ટ બની ચુક્યા છે. છતાં તેમાંએ ધર્મવૃતીવાળાઓ તો આ પાપી પૈસાનું અનાજ ખાવા છતાં પોતાની એ હીનતા માટે પશ્ચાતાપ કર્યા કરે છે, આનો પુરાવો આપણા ન્યાતગોર શ્રીયુત બળદેવજી પંડ્યા છે. તેઓ દિશાવાળ સિવાય કોઈને ન યાચવાની પ્રતિજ્ઞાવાળા છે અને તેના યજમાનો આપણે દીવસે દીવસે વધુ કન્યાવિક્રય કરતા થતા છીએ, આ પાપી પૈસો પોતાની ટેક ન તોડવા ખાતર ગોર જેવા પવિત્ર બ્રાહ્મણને સ્વીકારવો પડે છે. અને તેથી તેઓ બહુ જ દુભાય છે. આપણું પાપ છોડવવાને ખાતર ગાંઠનાં ઢેબરાં ખાઇ તે જ્ઞાતિ સુધારાના પ્રયાસોમાં ખંતથી ભળે છે. એનું કારણ પોતાને એ પાપી પૈસાથી ભ્રષ્ટ થતા બચવું છે માટે જ, પણ આપણે યજમાનો ક્યાં સુધરવા ઇચ્છીયે છીએ!!

હે માતાઓ, બીચારા ગોરતો અન્યને ન યાચવાની પ્રતિજ્ઞાવાળા હોવાથી કન્યાવિક્રયનો પાપી પઇસો સ્વીકારે છે. પણ કોઈ ધર્માચાર્ય પાસે ભેટ ધરતી વખતે જો તમે પહેલી જ વાત કરશો કે આ ભેટના ધરવાના પૈસા દીકરીના વિક્રયના છે. તે અમે ધરીએ છીએ. તો એટલું સાંભળતાં જ ધર્માચાર્ય ચોખી ના કહી દેશે કે એ પાપી પૈસો અમને ન ખપે, પણ માતાઓ તમે તો આચાર્યોને પણ ગુપચુપ એ પૈસા ધરીદો છો અને બેવડું પાપ વહોરીલ્યો છો. હે માતાઓ, દીકરીના વિક્રયના પૈસાથી લાખોનું દાન કરશો છતાં કોડી જેટલું એ ફળ મળવાનું નથી અને તમારી પ્રમાણીક આવકના પૈસાની એક જ પાઈ ધરશો તો લાખ કરતાં વધુ ફળ આપનારી થશે. પ્રભુ તમને સદ્બુદ્ધિ અરપો.

હું માનું છું કે, ઘણીએ માતાઓ વાંચી નહી જાણતી હોય, વાંચી જાણતી હશે તેઓ પણ પોતાનાં પાપનો ચીતાર વાંચવા જેટલી ને સમજવા જેટલી દરકાર ભાગ્યેજ રાખતી હશે. તેથી માતાઓને સંબોધીને લખાયેલી આ હકીકત તેમના કાને ચડશે કે નહી એજ શંકા છે. આથી પુરૂષ વર્ગને હું આગ્રહ પૂર્વક વિનતી કરૂં છું કે, માતાઓ સંબંધી લખાણ દરેક પુરૂષે પોતાના ઘરના સ્ત્રી વર્ગને વાંચી સંભળાવવું અને તેનું રહસ્ય સમજાવવું. પુરૂષ વર્ગ પણ પોતાનો આ પાપ કરવામાં ફાળો હોવાથી કદાચ ઘ્રણા ધરાવી પોતાના દોષ તપાસવા તૈયાર ન હોય એ સંભવીત છે. તેથી કન્યાવિક્રયનાં મથક થઇ પડેલાં ગામડાંઓમાં સારા ગ્રહસ્થો જેઓ કન્યા-

વિક્રય ક્યાથી રહીત છે તેઓને આ સંદેશો કોઇ પ્રસંગોપાત સા એકઠાં હોય ત્યારે વાંચી સમજાવવા મારી નમ્ર અરજ છે.

"યુવક વર્ગને"

પ્રીય બંધુઓ, ઉપર લખેલી હકીકતમાં તમને જે કહેવું જોઇએ તેનો ઘણોખરો સમાવેશ થઇ ગયો છે. મુરબ્બીઓ અને માતાઓને કહેલી બધી હકીકત તમે લક્ષપુર્વક વાંચી વીચારજો એ મારી માગણી છે. ઉપરાંત વધુ કહેવાની એટલી જ ઇચ્છા છે કે, વહેવાર ત્યાગના નામથી તમે ન ભડકો. ખીલતી યુવાનીમાં આવી નબળાઇ તમને ન જ શોભે. જ્ઞાતિની દુર્દશાથી તમે અજાણ હો એમ હું માનતો નથી. કન્યા વિક્રયની બદીથી અનેક જ્ઞાતિબંધુનાં ઘેર તાળાં મરાય છે તે તમારાથી અજાણ્યું નહીં જ હોય. નાની ઉમ્મરે વૈધવ્યનો ભોગ થઇ પડેલી અનેક બ્હેનોના એ દુઃખથી કરમાયલા ચ્હેરા જોઇ તમારૂં હૃદય નિરંતર રડતું હોવું જોઇએ; અને એ બ્હેનો આપણા જ યુવકોના સ્વાર્થનાં બલીદાનો થઈ પડવાથી જ આ વૈધવ્ય દશામાં મુકાઇ છે, એ પણ તમારાથી અજાણ્યું ન હોય. કન્યા વિક્રય અને રાક્ષસી પલ્લાંના ભોગ તો તમારામાંના ઘણાયે બની ચુકયા જ હશો તમારામાં જેઓ શ્રીમાન સ્થિતીનાં હશે તેને એ દુઃખ જણાયું નહિ હોય, પણ તમારામાં જેઓ ગરીબ છે તેઓ તો, આ બે બદીના ભોગ બની પોતાનું આર્થિક સુખ સસરાની અને સ્ત્રીની, દ્રવ્ય અને દાગીનાની તૃષા, છીપાવવામાં ખોઇ બેઠાનો અનુભવ કરતા જ હશો. તમારામાંનો એક વર્ગ જે વાંઢા અને વિધુરની સ્થિતીમાં છે તે, ગ્રહસ્થાશ્રમનો લ્હાવો જ્ઞાતિમાં રહીને પુનર્લગ્નથી લેવાના ખ્યાલો કરે છે એ વાત પણ તમારી જાણ બહાર ન હોવી જોઇએ. તમે પુરા ખાનદાન પૈસાપાત્ર હો, સદ્‌ગુણી, લાયક, કમાઉ હો, તમારૂં દંપતી જીવન કજીયા–કંકાસ વિનાનું હોય, છતાં રાક્ષસી પલ્લાંનો વહીવટ સ્વસુર પક્ષનાજ હાથમાં રહેતો હોવાથી, તમને તમારી લાયકાત પુરવાર કરવાનો સમય જ મળતો નથી, તેથી તમારાં અંતરમાં નિરંતર ખેદ થયા કરતો હોવો જોઇએ. નાની આવકથી ગ્રહસ્થાશ્રમી થવાનો ચાન્સ, વિક્રય અને પલ્લાંની વધતી જતી સંખ્યા જોતાં આ જ્ઞાતિમાં મળી શકવાનો નથી એવા નિશ્વાસો નાખતા તરૂણ બંધુઓ તમારી દૃષ્ટિએ ચડી ચુકયા જ હશે. આવા તરૂણોનું બધું જ ધ્યાન, પોતા પાસે કન્યા મેળવવા જેટલું દ્રવ્ય ક્યારે એકઠું થાય એ જ વિચારમાં રોકાયલું તમે સારી સ્થિતીવાળાઓ જોઇ શકતા જ હશો. પોતપોતાના વતનમાં નાની આવકના ધંધામાં યાતો મુંબાઇ

અથવા બીજા દેશાવરમાં ગુજરાન પુરતી આવકવાળી નોકરીઓ કરવામાં રોકાયલા આ તરૂણ વર્ગની સંખ્યા તમારામાંના સારી સ્થિતીવાળાઓ કરતાં ત્રણ ગણી થવા જાય છે એ અનુમાન તમે ખોટું તો નહીં જ ઠરાવી શકો. આવા તરૂણોમાંના કોઇ કોઇને તો "ક્યા પાપે આ જ્ઞાતિમાં જનમ્યા" ના ઉદ્‌ગારો કાઢતા તમારામાંના ઘણાએ સાંભળ્યા હશે. તમે શ્રીમંત હો યા ગરીબ હો, યા સાધારણ સ્થિતીવાળા હો, છતાં તમે એટલું તો સ્વિકારશો જ, કે આવા નિશ્વાસો કાઢવાનો સમય, કન્યા વિક્રય કરનાર અને કરાવનાર વર્ગ જ આણ્યો છે. આ આપણી જ્ઞાતિય દુર્દશાનો ટુંક સાર છે. અને એ દુર્દશા ટાળવાના પ્રયત્નમાં હું તમારી સ્હાય ઇચ્છું છું.

સભાઓ ભરી ,કુરીવાજોને વખોડી, ઠરાવો કરી, સહીયો કરાવી, મુસદ્દા છપાવી જ્ઞાતિ સુધારા કર્યાની જુની રીતથી આપણે એકપણ કુરીવાજનો નાશ નથી કરી શક્યા, એ તો તમે સૌ જાણોજ છો છતાં એજ માર્ગે સુધારો થશે એમ માની બેસી રહેવું તમને ઘટીત નથી. હું સમજી શકું છું કે આ પુરાણામાં પુરાણો છતાં તમને નવો જણાતો વહેવાર ત્યાગનો સિદ્ધાંત, સુધારાની પ્રાપ્તી માટે યોજવામાં નર્યો આપ ભોગજ આપવાનો છે. અને એ આપભોગ સ્વાર્થ ત્યાગ તમને રૂચતો ન હોવાથી તમે સભાઓ ભરી સુધારો કરવાની રીતને વળગી રહ્યા છો. જ્ઞાતિનો મોટો ભાગ ધર્માચરણી હોય ને થોડોજ ભાગ અધર્માચરણી હોય ત્યારે આ રીતે સુધારો થઇ શકે ખરો પણ અત્યારે તો નેવું ટકા અધર્માચરણી દેખાય છે ત્યાં આ રીતે થતો પ્રયત્ન નિષ્ફળજ જાય અને તે આપણે અનુભવ્યું છતાં તમે આપ ભોગી બનવાની નબળાઇએ એજ રીતને પસંદ કરો છો એ સમજી શકાય તેવું છે. આથીજ તમારામાંના ઘણા કહે છે કે "ભાઇ હજી જ્ઞાતિને સુધરવાનો અનુકુળ સમય નથી આવ્યો, સંજોગો સારા નથી, જ્ઞાતિનું ભાગ્ય નબળું છે, ભાગ્ય પલટાવા દો, પછી બધું એની મેળે સુધરી જશે, હાલ તો ચાલતું હોય તેમ ચાલવા દો."

બીછાને પડેલો દરદી દરદની પીડાથી મોતની ઘડીઓ નજીક આવતી અનુભવતો હોય, અને દરદીની સારવારની ફરજવાળો તંદુરસ્ત તાકાતવાન મનુષ્ય, દરદીને સારૂ ઓસડ વાટવામાં વાપરવી જોઇતી તાકાત, આળસ, બેદરકારી, બાહ્યડંબની નવાપરે; અને એ આળસ, બેદરકારી કે ઢગડાઇ ઢાંકવાને બ્હાને એમ બોલે કે "ઓસડ ઘણાં કરી જોયાં, દરદ હજી પાક્યું નથી તેથી મહેનત વ્યર્થ જાય છે, દરદીને તો બુમો પાડવાની ટેવ છે, મુદતીયું

દરદ છે, મુદ્દત પુરી થયે પોતાની મેળે મટી જશે." તો એ કમનસીબ દરદીના શા હાલ થાય!! જ્ઞાતિ સુધારા માટે, કુરીવાજોથી પીડાતા દરદીયો માટે તેના દરદના નાશનું ઓસડ વાટવા (વહેવાર ત્યાગી બની આપ ભોગી બનવા) બાબતમાં અપાતો જવાબ આવોજ અનુભવ કરાવે છે.

સારી સ્થિતિના બંધુઓ, ઉપર કહ્યું તેમ પોતાનો મત દર્શાવી હાથ ખંખેરે છે, અને જેઓ ખરા દુઃખી છે તેઓ પોતાની નબળાઇ ઢાંકવા મારાં પ્રથમનાં વર્તન ઉપર હુમલો કરે છે "ભાઇ તમે સ્વાર્થ સાધી લીધો અરે અમને બાવા બનવા કહો છો" આમ કહે છે વાત પણ ખરી છે. સ્વાર્થ એવી વસ્તુ છે કે સત્યને પુરેપુરૂં ઓળખ્યા વિના તે તજી શકાતો નથી. હું સમજી શકું છું કે અધોગતિએ પહોંચેલી કોઇપણ પ્રજા, જ્ઞાતિ, કે વ્યક્તિ પોતાના ઉદ્ધારના નવા માર્ગમાં પ્રવેશ કરતાં બહુ અચકાય છે. અનેક ખામીઓ શોધી આગળ મુકે છે. તેથી આવા હુમલા પણ આવકારદાયીજ માનું છું. કોઇનું પણ કહેવું માનવા પહેલાં તેના ચારિત્ર્યનો વિચાર કરવો એ એક સદ્ગુણ છે. પરંતુ કહેનાર માણસ પોતાની ભુલો કબુલ કરીને કહેતો હોય ત્યાં એ પુર્વ ચારિત્ર્યપરનો હુમલો ગેરવ્યાજબી ઠરે છે પોતાના દોષો જાહેર કરી દઇને એ દોષોમાં પડનારની કેવી દુર્દશા થાય છે તે બતાવી તેવા દોષમાંથી ઉગરવાનું કહેનારનું એ દોષોની કબુલાત પછીનું ચારિત્ર્ય તપાસવું ઘટે છે. અને એમાં જ્યારે છેતરપંડી જણાય ત્યારે એવા માણસને સમાજે કે જ્ઞાતિએ તિરસ્કારવો યોગ્ય ઠરે છે. ૧૯૭૫ ના વૈશાકમાં મેં બીજીવાર લગ્ન કર્યું અને તે કન્યાવિક્રય કરાવીને વહેવાર ત્યાગનો સિદ્ધાંત તે પછી જ્યારે દેશમાં નવજીવન પત્ર મહાત્મા ગાંધીજીએ ૧૯૭૫ ના ભાદરવાથી શરૂ કર્યું તેના વાંચનમાંથી હાથ લાગ્યો છે. એટલે બીજા લગ્ન વખતે તો હું આ સિદ્ધાંત જાણતો જ નહોતો એટલું હું હુમલો કરનારને ઇશ્વરને હાજર જાણી સત્ય પ્રતિજ્ઞાપુર્વક કહેવા ઇચ્છું છું. આ જો મારી પહેલી સ્ત્રી હયાત હોત તો મારૂં ચારિત્ર્ય નિષ્કલંક જ હોત પણ એ મારા અધીકારની વાત નહોતી. વીધુરજ રહીને બીજું લગ્ન જતું કરીને આ હીલચાલ ઉઠાવી હોત તો પણ જેઓને સત્ય જોવું નથી ને માત્ર હુમલાજ કરવા છે તેઓ કહી શકત કે "ભાઇશ્રીને કોઇ કન્યા આપતું નથી" તેથી બળતર્યાના માર્યા લડત ચલાવે છે, આજે કદાચ બાળબચ્ચાંને વરાવવાનું ઠેકાણું નથી માટે સૌને ઉશ્કેરે છે, આમ જેઓ મને આ જ્ઞાતિ ઉદ્ધારની નિનીમય હીલચાલમાં હલકો પાડવા ઇચ્છે છે તેઓની જાણ સારૂ આ ખુલાસો કરવાની મને ફરજ પડી છે. અને હું દરેક જ્ઞાતિ જનને ખાત્રી આપવા ઇચ્છું છું કે આ

હીલચાલમાં જ્ઞાતિનું ભલું કરવાના ઉદ્દેશ શિવાય મારો કશો હેતુ સમાયલો નથી. કરજદાર બનીને વિક્રય કરાવી પરણવાથી ઘર સંસાર કેટલો ઝેરી બની જાય છે એનો અનુભવ મેં લીધો છે. અને તેથી જ હું કન્યાવિક્રય કરાવીને ન પરણવાની ગરીબોને સુચના કરૂં છું. બીજી તરફ જેઓ દ્રવ્ય બળવાળા હોઇ કન્યાવિક્રય કરાવીને પરણે છે. તેઓ સંસારી થવાની ઉતાવળમાં મોઢે માગી રકમો આપતા હોવાથી એ બોજો ગરીબોની ઉપર પણ, વિક્રય કરનારાઓ લાદતા હોવાથી સારી સ્થીતીના શ્રીમાન ભાઇઓને કન્યાવિક્રય ન કરાવવા હું આગ્રહ કરૂં છઉં. ગરીબો અને શ્રીમંતોની દરેકે દરેક મુસ્કેલીઓ વિષેનો મેં ઉંડો વિચાર કરી લીધો છે, અને બંને વર્ગને બધી મુસ્કેલીઓમાંથી મુક્ત કરવાનો મારો ઇરાદો છે. એક વર્ગને સરલતા કરી આપી બીજા વર્ગને મુસ્કેલીમાં મુકવો એ નિતી જો વહેવાર ત્યાગના સિદ્ધાંતમાં છે એવું કોઇ સાબીત કરી આપે તો આ સિદ્ધાંતને હું તરત જ પડતો મુકવા તૈયાર છું. પણ જેઓ અધર્મથી જ પોતાનો સ્વાર્થ સાધવાની ઇચ્છા રાખતા હોય, નાલાયક છતાં લાયકમાં ગણાવા માગતા હોય તેઓનો બચાવ આ સિદ્ધાંતમાં છે જ નહી એ વાત પણ હું છુપાવા ઇચ્છતો નથી. જે સ્વાર્થ સાધતાં નર્યો અધર્મ જ થાય, જે સુખ બીજાનાં દુખને વધારનારૂં થાય, તે સ્વાર્થ અને સુખ માટે હું તો સગા ભાઇને કે બાપને પણ ચોખું જ કહી દઉં કે આમ ન કરો અને કરશો તો તેની વફાદારી મારાથી નહી થાય, આ વહેવાર ત્યાગીનો ધર્મ છે. એ ધર્મને અનુસરી આપણાં જ્ઞાતિય વર્તનોની બધી ખામીયો મેં વર્ણવી છે.

પ્રીય બંધુઓ, તમારામાંના જેઓ કન્યા નથી મેળવી શકતા, જેઓ વિધુર થઇ કન્યા નથી મેળવી શકતા, તે બધાએ વહેવાર ત્યાગી બની જવું ઘટે છે. તમારા જેવા દુખ ભોગવનારની સંખ્યા કાંઇ નાનીશુની નથી. પણ તમે અશ્રદ્ધાળુ છો તેથી અશ્રદ્ધામાં જ તમારાં દુખ વધારો છો, કન્યા મેળવવાની ઇચ્છાને તમે જેમ જેમ વળગતા જશો તેમ તેમ એ ઇચ્છા વધુ દુર જશે અને વધુ મોંઘી થશે. એ ચોકસ સમજજો. પરંતુ એ જ ઇચ્છાને દ્રઢતાથી વહેવાર ત્યાગની પાટુ મારી દુર ફેંકી દ્યો તો તેજ ઇચ્છા લાચાર બની તમારાં ચરણોમાં સસ્તી થઇને આળોટશે. પણ તમે તો એટલા બધા ઇર્ષાળુ છો કે "હું ઇચ્છાને મારી નાખું તો હું એકલો જ લટકું ને બીજો પરણી લઇ મોજ માણે" તમારા દરેકના અંતરમાં આજ વિચાર ઘોળાય છે એને હું ઇર્ષા ગણું છું. અવા વિચારથી જ તમે વધુ નબળા બનો છો. પણ તમારા અંતરમાં "મારા ભોગે બીજાઓને પરણવાની સરલતા થતી હોય તો મારૂં જીવતર ધન્ય છે" આ

વિચાર જ્યારે ઘોળાશે ત્યારે તમારા દુખનો જલદી અંત આવશે. તમારામાંના ભાઈ ભોલીદાસ રામજીએ સૌ પહેલાં આ વિચારને વર્તનમાં મુકી વહેવાર ત્યાગ સ્વિકાર્યો છે. તમારામાંના એક એક ભાઇઓ આ મોંઘી થઇ પડેલ ઇચ્છાને મારી હઠાવવા બહાર પડો તો તેજ વખતે દ્રવ્યની થેલીયો વગર મહેનતે મેળવવાની ઇચ્છા રાખનારાઓની એ ઇચ્છા રામશરણ થાય. શ્રીમંત વર્ગ ધારોકે તમારી સાથે ન ભેળાય તોયે શું!! શ્રીમંતોનું પ્રમાણ કેટલું! માત્ર પચીસ ટકા. તેઓ કેટલી કન્યાઓ લેશે, વળી શ્રીમંતોમાં પણ કન્યાઓ ઘણી છે. તેનો પણ તેઓ માંહો માંહે આપ લે થતી હશે ત્યાં સુધી પૈસા ખરચી શું કામ લેવા નીકળે. જો તમે સમજી શકતા હો ને હીંમતથી સ્વાર્થ ત્યાગી થવા માંડો તો કન્યાવિક્રયનું પાપ નાબુદ કરવું સહેલું જ છે. ઇશ્વરપર શ્રદ્ધા રાખો, સત્યના અનુયાયી બનો, તો તમે તરશો અને જ્ઞાતિને તારશો. બીજા કરે તોજ મારે અમુક કરવું એ નિયમે આપણને ભુલાવામાં નાખ્યા છે. અને તેથીજ દુખની પરંપરા વધે છે. પણ "બીજા ભલે ન કરે પણ મારે તો આ સત્ય જણાય છે માટે કરવુંજ છે" આ પંથે તમે ચાલશો તોજ તમારાં દુખ જવાનાં છે. એક માણસે પહેલ કરીને કોઇએ સાથ ન દીધો તેથી એ ધીરજ ખોવી નહી, સત્યનો પ્રભાવ એવો છે કે તે વ્યક્તિ માત્રને ધીમે ધીમે પવિત્ર કર્યે જશે, અને અસત્ય અધર્મનો પ્રભાવ એવો છે કે તે વ્યક્તિ માત્રને પ્રબળ વેગે અપવિત્ર અધર્મી બનાવી દેશે. આ રહસ્ય તમારે સમજવું અને એને—હૃદયમાં દ્રઢસ્થાપીને સ્વાર્થ ત્યાગી બનવું, તમારી દ્રઢતા અને ધીરજ કાયમ રહેશે તેમ તેમ તમારા અનુયાયી એક પછી એક વધવાનાજ. પણ તમે અમુક સંખ્યાને તમારી સાથે જોડીને સ્વાર્થત્યાગી થવા કહેતા હો. તો તે કદી બનવાનું નથી. એ ઇચ્છાજ ઇચ્છા રાખનારની નબળાઇ દેખાડી આપનારી છે. કે તમને પોતાને વિશ્વાસ નથી તેથી બીજાઓને સાથે લેવા ઇચ્છો છો. આવી નબળાઇથીજ સુધારો દુરનો દુર રહે છે. એ તમારે સમજવું ઘટે છે.

અને સારી સ્થીતીવાળા બંધુઓ, તમે પણ તમારી ફરજ સમજી જ્ઞાતિય ઉદ્ધારના આ માર્ગનાં જોડાઓ. તમારામાંના કેટલાક ભાઇઓ કન્યાવિક્રયનું કારણ કેળવણીની ન્યુનતામાં રહેલું જુવે છે. આમાં મને તો કંઇજ સત્ય દેખાતું નથી, અત્યારે તો કેળવણી લીધેલ વ્યક્તિઓ પણ કન્યાવિક્રય કરે છે. અને કેળવણી લીધેલ વ્યક્તિઓ કન્યાવિક્રય કરાવે છે. મને ખાત્રી જણાય છે સાચી ધર્મ જાગ્રતીની આપણામાં તે નથી તેથીજ કન્યાવિક્રય કરીએ છીએ ને કરાવીએ છીએ. એક ગરીબમાં ગરીબ માણસ જો પોતાના

માનવ ધર્મને અને દેહ ધર્મને પુરો વફાદાર હોય તો તે ભુખે મરવું પસંદ કરી દીકરીના પૈસા નહીજ લે. દીકરો કુંવારો રહેવાનું બહેતર માનશે પણ દીકરાને ખાતર દીકરીનું બળીદાન નહી આપે,"તેમજ એક શ્રીમાન લક્ષાધીપતી જો પોતાના માનવ ધર્મને અને દેહ ધર્મને પુરો વફાદાર હોય તો તે પોતાના સ્વાર્થને ખાતર બીજાને પાપી બનાવવામાં પોતાની એક પાઇ પણ નહી ખર્ચે, પોતાના સ્વાર્થને ખાતર બીજાના હકો છુંદવામાં પોતાની કમાઇનો વ્યય નહી કરે, પણ સ્વમાન, એને લાયકાતને વળગી રહી નીતીમય વર્તનથીજ સ્વાર્થ સાધશે, અને તેવા સંજોગો ન હોય તો સ્વાર્થ ત્યાગશે. હું માનું છઉં કે આપણામાં આવી ધાર્મીક વૃત્તિઓ જાગ્રત થવાની કેળવણીની ખામી છે તે અપાય ત્યારેજ જ્ઞાતિ સુધરે. આવી કેળવણી વહેવાર ત્યાગથી દરેક વ્યક્તિ મેળવી શકે એમ મારૂં માનવું છે. અને તેથી તમો સારી સ્થીતીવાળા યુવકોને એ માર્ગે ખેંચવા હું નમ્ર અરજ કરૂં છું. ઇશ્વર તમને સદ્બુદ્ધી અરપો.

"વહેવાર ત્યાગીને, ત્યાગને પંથે ચડેલાને, અને ત્યાગને પંથે ચડવા ઇચ્છનારાઓને."

૧ પાંચ હજારની અનામત મુડી અને પાંચ દીકરા મુકી એક પીતા મરણ પામ્યો. કન્યા મેળવવાનું લગ્ન સુધીનું ખરચ એકહજાર થાય છે. બે મોટા ભાઇ બે હજાર ખરચી પરણ્યા, નાના ત્રણ વિદ્યાભ્યાસ કરે છે, જાત મહેનતથી થતી આવકમાં કુટુંબનું ગુજરાન થાય છે કાંઇ વધતું નથી. બે વરસમાં બન્ને પરણેલા રાંડયા. નાના ત્રણ તો હજી કુંવારા જ છે, મુડી ત્રણ હજારની અનામત પડી છે. આ સ્થિતીમાં રાંડેલા બેયે ફરી લગ્ન કરવાં યોગ્ય ગણાય કે નાના ત્રણનાં હકો સચવાવા વિધુર રહેવું એ યોગ્ય ગણાય. કરજે તો રાતી પાઇ પણ કોઇ ધીરતું નથી. ત્યારે વિધુર થયેલાઓ માટે કયું વર્તન ધાર્મિક ગણાય એ વિચાર સૌએ મનથી કરી લઇ, જ્ઞાતિ સંબંધી કન્યાની અછતનાં સંબંધમાં મુડીની જગ્યાએ કન્યાઓ કલ્પીને ફરીથી પરણવા ઇચ્છનારે આ પ્રશ્ન ઉકેલવો ઘટે છે.

૨ ન્યાતનો ગુન્હો કરી ન્યાત બહાર મુકાવું એ નામોશી છે. કલંક છે. પણ ગુન્હો કરનાર અને ગુન્હો કરનારની વફાદારી સેવનાર ન્યાતથી છુટા પડી સ્વેચ્છાએ ન્યાત બહાર થવું એ મર્દાનગી છે. ન્યાય છે.

૩ વહેવાર ત્યાગ સ્વીકારી, એક એક વ્યક્તિયે ને કુટુંબે ન્યાતથી છુટા પડી, નવો શુદ્ધ સમુહ બનાવવો. આ પ્રકારનો વહેવાર ત્યાગ, એ

જ્ઞાતિ સુધારા માટેનું ઉચ્ચ કોટીનું ધર્માચરણ છે. આવું ધર્માચરણ સ્વીકારનારનો હેતુ જેટલો શુદ્ધ તેટલા જ પ્રમાણમાં તેનું ફળ મળે છે. આ ધર્માચરણ વધારેમાં વધારે શુદ્ધ કોટીનું હોય તો તેમાં એટલું પ્રચંડ આધ્યાત્મિક સામર્થ્ય છે કે આખી જ્ઞાતિના કુરીવાજોના સડાને તે જરૂર ભસ્મ કરી નાખે છે. પણ ચડાઉ બનીને, યાતો જ્ઞાતિમાં પોતેજ એક ઉચ્ચ છે અને બાકીના બધા નીચ છે એવું અભીમાન રાખીને આ વહેવાર ત્યાગનું ધર્માચરણ સ્વીકારનાર કશું શુભ પરિણામ લાવી શકે નહિ. આવો માણસ ચડવાને બદલે ઉલટો વધુ પડયાનો જ અનુભવ મેળવશે. ચુસ્ત વહેવાર ત્યાગી પોતાના જ્ઞાતિબંધુનાં અનાજ પાણી ભલે ન લેતો હોય, પણ પ્રસંગોપાત જ્ઞાતિબંધુને પોતાને ત્યાં જમાડતાં યાતો બીજી રીતે સત્કાર કરતાં જ્ઞાતિબંધુનાં ઉછિષ્ટ (એઠાં) નો ઉપયોગ કરતાં જરાયે ગ્લાની ન રાખે. વહેવાર ત્યાગીએ ખાસ સ્મરણમાં રાખવાનું એજ છે કે પોતાનો સ્વીકારેલ થોડો યા ઘણો ત્યાગ, જ્ઞાતિબંધુને ધીઃકારવા યા ઉતારી પાડવા અર્થે નથી, પણ પોતાની શુદ્ધીથી તેને શુદ્ધ બનાવા અર્થે જ છે.

(૪) જે વ્યક્તિયે જેટલે અંશે વહેવાર ત્યાગ સ્વિકાર્યો, તે વ્યક્તિ તેટલે અંશે જ્ઞાતિય અન્યાયોની ભાગીદારીમાંથી મુક્ત થઇ સમજવું. એક વ્યક્તિના થોડા કે ઘણા ત્યાગથી ન્યાતની સ્થિતિ શું સુધરવાની! એવો વિચાર વહેવાર ત્યાગી કદી ન જ કરે. આપણે ન્યાતનું ભલું ન કરી શકીયે એ એક વાત છે. અને આપણે આપણા વર્તનથી ન્યાતનું બુરૂં ન કરીયે એ બીજી વાત છે. આપણા વહેવારીક ટેકાથી કન્યાવિક્રયને ઉત્તેજન મળે છે એમ સમજી એ વહેવાર તોડી નાખનાર એટલે અંશે જ્ઞાતિનું બુરૂં કરતો અટકે છે. ન્યાતનું ભલું કરવું એ ભલે ઘણી વ્યક્તિયોનું કામ હોય. પણ એવી ઘણી વ્યક્તિઓ બહાર ન પડે તેટલા સારૂ એક વ્યક્તિયે બહાર પડતા અટકવું એથી પણ ન્યાતનું બુરૂં જ થાય. પોતાથી ન્યાતનું કાંઇ ભલું થઇ શકવાનું નથી એમ માનીને બેસી રહેનાર પોતે ન્યાતનું કેટલું બુરૂં કરે છે એનો જ વિચાર કરે તો ન્યાતનું ભલું કરવાનું બળ આપ મેળે પ્રાપ્ત થઇ જાય. ભલાનો આધાર ઘણા પર છે અને બુરાનો આધાર વ્યક્તિ વ્યક્તિપર છે. એટલું સમજી એક એક વ્યક્તિ માત્ર બુરૂં કરતી જ અટકે તો એની વધતી જતી સંખ્યા ભલું કરનારી જ સિદ્ધ થાય છે. પ્રત્યેક વ્યક્તિને આટલું સમજવું જરાએ અઘરૂં નથી.

૫ જે માણસે માત્ર એક જ કપડું શુદ્ધ ખાદીનું પહેરેલું હશે તે માણસ કાઇક વખતે સંપૂર્ણ પોશાક શુદ્ધ ખાદીનો જ ધારણ કરશે એવી

આશા દેશની સ્વદેશીની પ્રવૃત્તિને લીધે સ્વદેશીનો કોઇપણુ ચહાનાર રાખે જ એમ જ જ્ઞાતિ હીતાર્થે જે વ્યકિતયે અત્યારે માત્ર જ્ઞાતિવરાજ આગ્યા છે તેઓ ક્યારેક પુરા વ્યવહાર ત્યાગી થશે અને જે વ્યકિતઓએ દેશદાઝ હૈડે ધારીને પરદેશી કપડાંનો મોહત્યાગી શુદ્ધ ખાદીનાં ઝાડાં ખડબચડાં વસ્ત્રો પસંદ કર્યાં પહેરવા માંડયાં તે વ્યકિતઓ ક્યારેક પણુ પોતાની જ્ઞાતિની દુર્દશા ટાળવા ખાતર, સગપણુનો મોહ-છોડી વહેવાર ત્યાગી બનશે એવી આશા દરેક જ્ઞાતિ સુધારો ઇચ્છનારને રહેજ.

૬ જ્ઞાતિય અન્યાયોમાં એક કે બીજી રીતે આપણે ભળેલા હોઇ જ્ઞાતિમાં જ છીએ, ત્યાંસુધી આપણે હાથે થતા અન્યાયોની બાબતમાં આપણુને કોઇ કશુંએ કહેવાનું નથી. પણુ અન્યાયોને સમજી લઇ જ્ઞાતિથી છુટા પડયા કે તરત જ આપણે હાથે થઇ ગયેલા અન્યાયોનાં ચુંથણાં ચુંથી જ્ઞાતિબંધુઓ આપણુને ઝાંખા પાડવા પ્રયત્ન કરશે. આ એક જાતની ગીધવૃતી છે; પણુ તે સઘળા જ જ્ઞાતિબંધુઓમાં હોતી નથી. અન્યાયની વફાદારી સેવવી પડતી હોવાથી ઘણાએ સારા માણુસો મનમાં જ પસ્તાયા કરે છે. આવા માણુસો છુટા પડનાર તરફ હંમેશાં માનની દૃષ્ટિથી જ જોશે.

વહેવાર ત્યાગીએ સત્ય અને પવિત્રતા સ્વીકારી ત્યારથી જ તેની જીંદગી એક નવો જ આત્મા નવું જ જીવન ધારણુ કરે છે. અને તે અગાઉની જીંદગી માટે તો પરમાત્મા પ્રત્યે પશ્ચાતાપ કરી ચુકેલો હોવાથી તેને કાંઇજ લાગતું વળગતું રહેતું નથી, એટલે એ જીંદગી ગમે તેટલા પાપોથી ખરડાયલી હોય છતાં વ્યવહાર ત્યાગીની દૃષ્ટિએ એ પૂર્વાવસ્થાના મુડદા રૂપ છે. એક બીજાના અન્યાયોની વફાદારીમાંથી ખસી જવાના ગુન્હા માટે રોષે ભરાઇ, ગીધવૃત્તીવાળાઓ એ મુડદાને ચ્યા ચ્યા ભલે ચુંથ્યા કરે. વહેવાર ત્યાગીને એ સાથે કંઈ જ લેવા દેવા રહેતી નથી. તેણે તો પોતાની નવી જીંદગી નિષ્કલંક રાખવાની જ કાળજી રાખવાની છે.

ઘણાએ ભાઇઓ, વહેવાર ત્યાગનો પવિત્ર સિદ્ધાંત રૂચીકર હોવા છતાં પોતાથી થયેલા દોષો યાતો પોતાના સંબંધીના થયેલ દોષોની ટીકા થવાના ભયથી વહેવાર ત્યાગી થતા અચકાય છે. આવા ભાઇઓ ઉપલી વીગત વાંચી એ ભયમાંથી મુકત થાય એમ હું ઇચ્છું છું.

પાપ કર્યું ન હોય, કરાવ્યું ન હોય, પાપની વફાદારી સેવી પણુ ન હોય, એવી વ્યક્તિ જ્ઞાતિમાંથી એક પણુ મલી શકવી મુસ્કેલ છે. એટલે આપણે સૌ જાણ્યે અજાણ્યે પાપથી ખરડાયા તો છીએજ આપણા સંબંધી

સગા પણ એવાજ છે. આ સ્થીતીમાં આપણે પાપને સમજી મુકત થવા ઇચ્છતા હોઇએ તો થઇ ગયેલા દોષોની ટીકા થવાનો ભય આપણે છોડયે જ છુટકો છે, "હું આજથી મારી બાકીની જીંદગી અમુક બાબતમાં અમુક નિયમથી વર્તીનેજ પુરી કરીશ" આવી પ્રતિજ્ઞા લેનાર પોતાની પુર્વાવસ્થા પરથી હાથ ખંખેરી છુટો થાય છે. પછી એ પુર્વાવસ્થાના મુડદાને જ્ઞાતિબંધુઓ જોઇએ તો ગીધવૃતીથી ચુંથી નાખે યા માનપુર્વક અગ્નિ સંસ્કાર કરે એ સાથે પ્રતિજ્ઞા લઈ શુદ્ધ થનારને કશો સંબંધ રહેતો નથી.

વળી સંબંધીઓએ પાપ કરેલાં હોય અને એવા સંબંધીઓની ભેળાજ આપણે રહેવું પડતું હોય એવી સ્થીતીમાં પણ માણસ જો સત્યનો ઉપાસક થવા ઇચ્છે તો થઇ શકે છે. સંબંધીઓ તેની આડે આવી શકતાં નથી. માત્ર તે માણસમાં દ્રઢતા, અને નિડરતા હોવાં જોઇએ. સત્યના પ્રભાવની સાચી ઓળખ હોવી જોઇએ. "મારા સંબંધીઓ પાપ કરે છે ને હું પવિત્રતાને સ્વીકારૂં યા પવિત્રતાને પંથે ચડું તો લોકો મારી ટીકા કરશે" એવા ભયથી પવિત્રતાને જતી કરનાર, સંબંધીઓની પાપવાસનાનો જાણ્યે અજાણ્યે રક્ષક બને છે. એવા ભયથી પવિત્ર થતો અટકનાર પવિત્રતાને પુરી પીછાણી શકયો નથી એમજ સાબીત થાય છે. પાપ કરનારા સંબંધીઓમાં એકાદ વ્યક્તિ ત્યાગને પંથે ચડી પવિત્રતા જાહેર કરે છે ત્યારે એ પવિત્રતાનો અગ્નિ સંબંધીઓનાં પાપને છેહ આપે છે અને પરિણામે સંબંધીઓને પણ પાપ કરતાં અટકાવી પવિત્ર બનાવે છે.

શરમ, મોહ, ભય, દ્વેષ, ઇર્ષ્યા, એ દરેકને વહેવાર ત્યાગીએ અને ત્યાગી થવા ઇચ્છનારે પ્રથમથીજ વિદાય કરી દેવાં જોઇએ. અને એટલું કરી ચુકયા એટલે આપણે સુરક્ષીત બની ચુકયા પછી સંબંધીઓના કે જ્ઞાતિબંધુઓના ચાહે તેવા હુમલાઓ આપણાપર થાય તો પણ આપણને લગારે હઠાવવા કોઇની તાકાત નથી. સત્યનો પ્રભાવ સમજવામાં આપણે જેટલા કાચા એટલાજ પ્રમાણમાં આપણે અસત્યના આવરણમાંથી દબાયલા રહેવું પડશે.

પોતાના પાછલા દોષો યાદ કરી અથવા સંબંધીઓના હાથે થઇ ગયેલા અને થતા દોષો યાદ કરી જ્ઞાતિસુધારાના અગત્યના કાર્યથી વીમુખ રહેવું એ ડાહ્યા અને વિચારવંત માણસનું કામ નથી જ્ઞાતિની દુર્દશાનો ખ્યાલ કરી દરેક વ્યક્તિએ પોતપોતાના જ્ઞાતિ સંબંધી કર્તવ્યની રેખા બાંધવી એ ડહાપણ ભર્યું છે.

૭ જ્ઞાતિ સામે આવો ત્યાગ ચાલે નહી, "વહેવાર સાચવીએ તો જ નભી શકાય" આવું માનનારાઓ આપણામાં ઘણા છે. આવાની પાસે વહેવાર ત્યાગ સ્વીકારવાની ઢચુપચુ મરજીવાળો કોઈ પુછવા જાય તો સલાહ એજ મળવાની કે "ગાંડો થયો છે શું! ન્યાત તો પાપીને પણ પાવન કરનારી છે, ન્યાત તો ગંગાનો પ્રવાહ છે, ન્યાતનો તીરસ્કાર કેમ કરાય! ન્યાતથી છુટો પડી તું શું સુધારો કરવાનો હતો! ન્યાતમાં કન્યાવિક્રયાદી પાપો થાય છે ખરાં, પણ આપણાં ટાળ્યાં તે થોડાં જ ટળવાનાં છે! બધી ન્યાતોમાં પાપ થાય છે આપણી ન્યાતમાં કાંઇ નવાઇનું નથી થતું! ન્યાતવરામાં સૌ સુખેથી હળીમળીને જમીયે છીએ, આનંદ લઇએ છીએ, એટલું એ શા માટે ખોવું, જમવા ન જઇએ તો જ્ઞાતિમાં જ્ઞાતિય જીવનનું સાર્થક શું! પાપ કરતો હોય યા ન કરતો હોય આપણે તો નાતીલો માની સૌ સાથે વહેવાર રાખવો, માંદે સાજે, સુખે દુઃખે નાતીલો કામ લાગે, બીજું કોઇ થોડું કામ લાગવાનું છે!! ઇત્યાદી.

વહેવાર ત્યાગી આવી માન્યતાનો ચુસ્ત વિરોધી જ હોય છે. "ન્યાત પાપીને પાવન કરનારી છે." એ ખરૂં છે પણ એનો અર્થ એ નથી થતો કે "પાપ કરે તેને ન્યાતે સંઘરવા અને એ પાપના થાંભલા બનવું" "ન્યાત તો ગંગાનો પ્રવાહ છે" એ પણ ખરૂં પરંતુ "ગંગાના પ્રવાહમાં ગાડાં ભરીને ગંદકી ઠલવાયાથી આખો પ્રવાહ નર્કમય જ બની ગયો હોય ત્યારે એ પ્રવાહની એક અંજળી પણ આપણે ભક્તિભાવે નથી લઇ શકતા ગંદકી તણાઇ ગયા બાદ શુદ્ધ થયેલું જળ જ આપણે લઇ શકીયે" "ન્યાતરૂપી ગંગામાં અત્યારે તો કન્યાવિક્રયની ગંદકી ગાડાં ભરી ભરીને ઠલવાય છે, એ ગંદકીથી ગંદુ થયેલું ન્યાત ગંગાનું જળ ધર્મને પવિત્રતાની દ્રષ્ટિયે ત્યાજ્ય છે" "ન્યાતનાં કે નાતીલાનાં પાપ આપણાં ટળ્યાં થોડાં જ ટળવાનાં છે!" આ અધોગતીના મંત્રનો જપ છોડી "ન્યાતનાં કે નાતીલાનાં પાપ તે આપણાં જ પાપો છે ને આપણાં ટાળ્યાં જ ટળવાનાં છે" આ ઉન્નતીના મંત્રને જપશું ત્યારે બીજી જ્ઞાતિયો કન્યાવિક્રયના અખાડા બની રહી હશે તેની દ્રષ્ટિ સામે આપણે આપણી જ્ઞાતીને ઉચ્ચ પંકતીએ મુકેલી જોઇ બીજી જ્ઞાતિયોની દુર્દશાનો જ આપણે શોચ કરતા હશું "ન્યાતવરામાં સુખેથી જમીયે એટલું એ શા માટે ખોવું! જ્ઞાતિય જીવનનું સાર્થક શું!" આ વાક્યોમાં "પાપને ઢાંકવાનો, પાપ કરનાર કરાવનારની નિચ સ્વાર્થ વૃતીને પોષવાનો, અને પાપના ફેલાવાથી દુખ ખમતા અજ્ઞાન ભાઇઓને અજ્ઞાન દશામાં જ સેડાવાનો, નાગો દંભ સમાયલો છે." "પાપી હો યા

પવિત્ર હો નાતીઓ માની સૌ સાથે વહેવાર રાખવો શુખે દુઃખે નાતીલો જ કામ લાગે" "પાપ કરનાર કોઈ પણ સગો યા નાતીલો તેના પાપની વહેવારીક વફાદારી સેવીયે તો જ માંદે સાજે કે સુખ દુઃખમાં આપણી સંભાળ લે, વફાદારી ન સેવીયે તો ન લે, એવું બન્યું તો નથી જ છતાં ધારીયે કે સંભાળ ન લે એવું જ બનવાનું છે. તો એવાં પાપ કરનાર, સગો કે નાતીલો ગણુવાને લાયક પણ નથી અને એવો ભય વહેવાર ત્યાગી રાખતો જ નથી, વહેવાર ત્યાગીને સાચુ સગપણ ઇશ્વર સાથે જ હોય છે. અને બીજું ઇશ્વર નીયમે જ્ઞાતિય વર્તન રાખનાર સાથે જ હોય છે. દુખ ખમી લેવાં એ તો વહેવાર ત્યાગનો ગલશુદીનો જ બોલ છે. આ ભય આપણે પાપ કરનાર કરાવનારથી કેટલા લાચાર બની ગયા છીએ તેનું ભાન કરાવે છે. વહેવાર ત્યાગી તો પોતાના મુડદાની અવદશાથીએ ન ડરે, સમાજ પોતાની સુખાકારીને ખાતર મુડદાની વ્યવસ્થા આપ મેળે જ કરી લે. આવા મીથ્યાભયની ખાતર પાપની વફાદરી કોઇ પણ સમજુ સેવે જ નહી, કોઇએ સેવવી ઉચ્ચીત નથી. ઢચુપચુ મન વાલાઓ તમારે અને ત્યાગના પંથે ચડી ચુકેલાઓ તમારે પણ, અને પુરા ત્યાગી થનાર દરેકે આટલી હીમત, આટલી સ્વાશ્રયવૃત્તિ કેળવવી જ પડશે. અને એટલી હીમત એટલી નીડરતા આવી ગઇ તે જ સમયે સાચા જ્ઞાતી સુધારાની મજબુત ઇમારત તમારા ત્યાગે બંધાવવા માંડેલી તમે પ્રત્યક્ષ જોઇ શકશો.

"મ. ગાંધીજીના નવજીવન પત્રમાંથી થોડાક સીદ્ધાંતો."

(૧)

"સત્યાગ્રહની સીમા કંઇ સરકાર અને પ્રજા વચ્ચેના સંબંધમાં સમાપ્ત નથી થતી. સંસારી સુધારાને સારૂ પણ એજ અમુલ્ય શસ્ત્ર છે. આમાં સ્ત્રીઓની સ્થિતી, આપણા કેટલાક નઠારા રીવાજો.........ઇત્યાદિ અનેક પ્રશ્નોનો નિવેડો આવી શકે છે." નવજીવન તા. ૭-૯-૧૯ ભાદરવા શુદ ૧૩ સં. ૧૯૭૫ અંક ૧. (૨)

(૨)

"સત્યાગ્રહ (વહેવાર ત્યાગ) શબ્દનું મુળ પવિત્રતામાં રહેલું છે એમ કહેવામાં અતિશયોક્તી નહી ગણાય. આ સત્યાગ્રહ સરકારની સામે જ નહી, પણ સમાજની સામે પણ હોઇ શકે. સ્ત્રી પુરૂષ વચ્ચે, બાપ દિકરા વચ્ચે, મીત્રો વચ્ચે પણ હોઇ શકે. ટુંકામાં હરકોઇ ક્ષેત્રમાં અને હરકોઇ સુધારાને સારૂ, આ ભારે શસ્ત્રનો આપણે ઉપયોગ કરી શકીએ છીએ. એ શસ્ત્ર,

પ્રહાર કરનારને, અને જેની ઉપર તેનો પ્રહાર થાય છે એ, બન્નેને પવિત્ર કરનાર છે. તેના સદુપયોગનું પરિણામ કોઇપણ કાળે વિપ્રીત હોય જ નહી. તેમાં હંમેશાં સફળતા જ રહેલી છે. સત્યાગ્રહને નામે દુરાગ્રહ થાય અને માઠાં પરીણામો આવે એમાં સત્યાગ્રહનો દોષ ન જ કાઢી શકાય" નવજીવન અંક ૨ તા. ૧૪–૯–૧૯ ભાદરવા વદ ૫ સં. ૧૯૭૫ (૧૪)

(૩)

"પવિત્ર અને પ્રમાણીક માણસ પોતે જેને ન્યાય માન્યો છે તેને સારૂ હંમેશાં પોતાનો ભોગ આપવા તૈયાર રહે છે. તમે તૈયાર છો! તમારો આરામ, તમારી મજા, તમારો વેપાર, તમારી જીંદગી સુદ્ધાં, ન્યાય મેળવવાની ખાતર આપવા તમે તૈયાર છો! જો તમે હો તો તમે સત્યાગ્રહી છો. અને તમે જીતશો જ." નવજીવન અંક ૪ તા. ૨૮–૯–૧૯ આસો સુદ ૪ સં. ૧૯૭૫ (૨૦)

(૪)

"આપણામાં આવેશ છે. ભાવનાઓ પણ સારી છે. પરંતુ એ આવેશથી કે ભાવનાથી આપણો ઉદ્ધાર થવાનો નથી. તેનાથી આપણું માગ્યું આપણને મળવાનું નથી. આપણે જે કરેલું હશે તે જ સાથે જવાનું છે ને તે ઉપરથી જ ભવિષ્યનું ઘડતર થવાનું છે" "આપણા આવેશને આપણે કૃતીમાં ન મુકીએ અને એનું સુંદર પરિણામ ન લાવીએ તો એ આવેશ મીથ્યા છે. ભાવનાઓ જગાડવાનું કાર્ય સારૂં છે. તેની તેવે વખતે જરૂર પણ છે. પરંતુ ભાવનાઓ જગાડવામાં રોકાવા કરતાં કામ જ કરવા લાગી જઇશું તો તેની અસર વધારે થશે, અને કામ કરી બતાવીને આપણે વધારે દ્રઢ ભાવનાઓ જગાડી શકશું." નવજીવન અંક ૮ તા. ૨૬–૧૦–૧૯ કારતક સુદ ૩ સં. ૧૯૭૬ (૨૫)

(૫)

"આપણા સમાજ જીવનમાં જે મોટી હોળીયો સળગી રહેલી છે. તેનું પરિષદ્‌ના ઠરાવોમાં વરણન કરવાથી, કે થોડુંક કામ કરીને તેમાં બે ચાર ડોલ પાણી રેડવાથી તે હોલાવાની નથી. તે માટે ઉંડી શ્રદ્ધા અને કર્મબળની જરૂર છે. જે માણસ સુધારાના થોડા ભાગનો પણ અમલ આગ્રહ પૂર્વક કરે છે તે સમાજની પ્રગતીમાં પોતાનો ફાળો અચુક આપે છે. આમ કરતાં સગાં વહાલાં અને ન્યાત જાત સાથે લાગણીના જે સુક્ષ્મ-તંતુથી તે સંધાયો છે, તે તુટશે ત્યારે તેના હૃદયમાંથી લોહી વહેશે. આ

દુઃખમાં તેની સ્ત્રી અને કન્યાને ભાગીદાર બનવું પડશે. કારાગ્રહ કરતાં આ આ દુઃખ વધારે અસહ્ય છે એ તો દેખીતું છે. આવું દુઃખ જેમ વધારે શુદ્ધ ભાવથી અને શાંતિથી સહેવામાં આવશે તેમ, તેની બીજાઓપર અસર પણ જાદુઇ નીવડશે." "આપણે સ્વરાજ્યનો ઉષઃકાળ નીહાળવા તલ્પી રહ્યા છીએ, આપણા રાજકીય જીવનની પ્રગતી માટે આપણે મગરૂબ બનીયે છીએ. પણ આપણા ઘરમાં અને ન્યાત જાતમાં, ચોરામાં અને પોળોમાં જે દશા વર્તે છે તેને વિસારે મુકીને આપણે સ્વરાજ્ય ભોગવી શકીશું નહી" "આપણા સમાજ જીવનની ઘોર શરમ આપણા રાજકીય જીવનમાં કાળા અક્ષરે લખાશે. માટે સરવેએ આ શરમના વાદળને વિખેરવું ઘટે છે." નવજીવન અંક ૧૧ તા. ૧૬–૧૧–૧૯ કારતક વદ ૯ સંવત ૧૯૭૬ (૨૯)

(૬)

"સત્યાગ્રહમાં જો કે સંખ્યા હોય તો ઘણું જ સારૂં. તો પણ સત્યાગ્રહ સંખ્યાની ઉપર મુદ્દલ આધાર રાખતો નથી. સત્યાગ્રહની ફતેહનો આધાર તો કેવળ સત્ય ઉપર અને સત્યાગ્રહીની તપશ્ચર્યા ઉપર રહેલો છે." "સામાન્ય માણસ પણ નીતિ કેળવી શકે છે. સત્યાગ્રહનો મંત્ર કેવળ નિરક્ષર માણસોને પણ આપવામાં જરાયે અડચણ ન આવે એવો મારો બહોળો અનુભવ છે." નવજીવન અંક ૨૧ તા. ૨૫–૧–૨૦ માહા સુદ ૪ સં. ૧૯૭૬ (૩૯)

(૭)

"આપણા મનના વિચારો લખાણમાં કે વાત ચીતમાં દર્શાવતાં આપણે બીતા હતા. તેથી જ તે વધારે ને વધારે ઉંડા દટાતા ગયા. બીકણ સાવધાનતા કરતાં સત્ય પીછાણવાની હીંમત કેટલી ચડીયાતી છે, તે વિચારવાની હું સૌને વિનતી કરૂં છું." "જુવાન વર્ગના ઉમળકાને તરછોડવા જોઇએ નહી, તેમની ઉકળતી આશાઓને મહેચ્છાઓ ઉપર ઠંડુ પાણી નાખવું જોઇએ નહી, પણ જુવાન, ઉત્સાહી, સ્વાર્થત્યાગી મરણીયા માણસોના, વધતા જતા લશ્કરના સેનાપતી થવું જોઇએ." "તેમના પ્રતી સહાનુભુતી રાખો, તેમના હૃદયના ધબકારાઓને જીલો." નવજીવન અંક ૩૦ તા. ૨૮–૩–૨૦ ચૈતર સુદ ૯ સં. ૧૯૭૬ (૪૪)

(૮)

"હું માનું છઉં કે અન્યાયની વિરૂદ્ધ પગલાં લેતાં, અન્યાયી વિરૂદ્ધ ઉત્પન્ન થતા દ્વેષને, તદ્દન રોકવો એ અશક્ય છે, દ્વેષ કરવાથી દ્વેષી પોતાને જ

નુકસાન કરે છે એમાંયે શક નથી. કોઈપણ માણસ સંપુર્ણ તો હોય જ નહી." "ત્યારે શું કરવું!! રખેને અન્યાયીનો વિરોધ કોઇ કરે તેથી અન્યાયનો યે વિરોધ ન કરવો!! સગાં સ્નેહીમાં એમ જ થાય છે. સગાંયે કરેલી ભુલોને આપણે દાટી દેવા ઇચ્છીએ છીએ. મારી માન્યતા છે કે જેમ દ્વેષ હાનીકારક છે, તેમ ખોટો પ્રેમ પણ હાનીકારક છે. વહાલાંની ભુલો પણ ઉઘાડી પડે એમાં કંઇ જ નુકસાન નથી, એટલું જ નહી પણ તેથી લાભ જ છે. ભુલ સુધારવાનો પહેલો માર્ગ ભુલને ઓળખવી અને તેથી શરમાવું એ છે. ઢાંકી રાખવાથી તેની પુરી ઓળખ થતી નથી. અને ભુલેલો માણસ શરમ છોડી ઉદ્ધત બને છે. શરીરમાં થયેલા ગુમડાને જેમ કાપ્યે કે ફોડયે જ છુટકો છે, તેમ ભુલને પણ ઉઘાડી પાડયે જ છુટકો છે." "જો અન્યાયી ન સુધરે તો તે ત્યાજ્ય છે ભલે પછી તે સગો બાપ હોય. જો તેનો ત્યાગ ન કરીયે તો અન્યાયમાં આપણે ભાગીદાર બનીએ છીએ. અન્યાયનો અન્યાયીના ત્યાગ પર્યંત વિરોધ કરતાં છતાં પ્રેમ ભાવને ધક્કો નથી પહોંચતો એ મારો જાતી અનુભવ છે." "ધર્મ સંકટો પડતાં જ માણસ ઘડાય છે. પડી પડીને જ ચડે છે. રખેને ભુલ થશે તો!! એમ સમજી સાવધ રહેવું એ આપણું કર્તવ્ય છે. એમ સમજી કંઇજ ન કરવું એ કાયરતા છે. એટલે ભુલ થવાની ધાસ્તી છતાંયે જ્યાં અન્યાય માલુમ પડે ત્યાં પ્રેમ ભાવે તેનો વિરોધ કરી, પરિણામના અધીકારી ન બનવું એ જ ગીતા માર્ગ છે. એવી મારી નમ્ર માન્યતા છે." નવજીવન અંક ૩૩ તા. ૧૮-૪-૨૨ ચૈત્ર વદ ૦)) સં. ૧૯૭૯ (૪૮)

(૯)

"સત્યને કાળની બાધા આવતી જ નથી. સત્યમાં ધીરજને પુષ્કળ અવકાશ છે. રાહ જોવામાં જરાયે ભય સત્યને આચરનાર માને જ નહી" (૫૩) "જે માણસને સારો વિચાર સુજે તે પોતે જ તેનો અમલ કરવાનું શરૂ કરી દે, એના જેવી સારી યોજના, એ વિચારનો પ્રચાર કરવાની બીજી એકે નથી. ન હોઇ શકે." (૫૪) "જે ભણતર સ્વમાન ન શીખવે તે ભણતર શાનું! આપણે મનુષ્ય બનવું એ પ્રથમ ભણતર છે." "પોતાની સમક્ષ આવેલી ફરજ બજાવતાં ભવિષ્યનો વિચાર ન કરવો એનું નામ જ નિષ્કામ કર્મ છે. ને તે જ ધર્મ છે." (૫૭) "ભુખ્યો પોતાની ભુખના બરાડા પાડે, પણ અન્ન મેળવવા મહા પ્રયાસ ન કરે, પ્રયાસ કરતાં મરવા તૈયાર ન થાય તો તેની ભુખને વિષે જ આપણને શંકા થાય." "શાસ્ત્રોએ અશંતોનો ત્યાગ કરવો એમ કહ્યું છે. આપણને અસંતનો ત્યાગ કરવાનીયે હીંમત નથી."

"આપણે રીસાવું પણ ભુલી ગયા છીએ, જો એમ હોય તો એ આપણી અધમતા જ સુચવે છે. જ્યારે ગુલામ પોતાની ગુલામી ભુલી જાય ત્યારે તેને બંધનમુક્ત કરવાનો ઇલાજ રહેતો નથી." (૫૮) "આ મહત્કાર્યમાં બધા એકાએક એકમત થાય એવું બનવું મુશ્કેલ છે. આપણે ધીરજથી વિરૂદ્ધ મત ધરાવનારને કેળવવા પડશે, તેઓના તરફ અણગમો બતાવી આપણે તેઓનો મત ફેરવી નહી શકીએ, પણ તેઓને દલીલોથી વિનય પુર્વક સમજાવી આપણા મતના કરવા જોઇશે." (૫૯) નવજીવન અંક ૪૫ તા. ૧૧–૭–૨૦ અષાડ વદ ૧૦ સં. ૧૯૭૬.

(૧૦)

"દુનીયામાં કોઈ સુધારા બધાએ એકાએક કબુલ કરેલા નથી હોતા, હંમેશાં થોડાથી શરૂઆત થાય છે. ને જ્યારે થોડાની દ્રઢતાને ઘણા જોઈ લે છે. ત્યારે તેનું અનુકરણ કરે છે. બધા કરશે ત્યારે જ આપણે અમુક કામ કરશું એવો વિચાર રાખવાથી ઘણી વેળા સુધારા અટકી પડે છે. બધાની કે ઘણાની રાહ જોવી એ આપણા કર્તવ્યને વિષે આપણા અણવિશ્વાસની નીશાની છે." (૬૧) નવજીવન અંક ૪૮ તા. ૧–૮–૨૦ અધીક શ્રાવણ વદ ૨ સં. ૧૯૭૬.

(૧૧)

"ગીતાજીમાં દૈવેઆસુર સંગ્રામનું વર્ણન છે. ન્યાય અને અન્યાય વચ્ચે કદી મેળ હોય નહી. એમ ગીતાજી સ્પષ્ટ બતાવે છે. ગીતાજીનો કેવળ અક્ષરાર્થ કરીએ તો આપણને માલુમ પડે છે કે, જ્યારે અર્જુને પાપી કૌરવોની સાથે યુદ્ધ કરવાની આનાકાની કરી ત્યારે શ્રી કૃષ્ણે તેને યુદ્ધ કરવા પ્રેર્યો. એટલે અક્ષરાર્થથીતો અન્યાયીની સાથે સહકાર ન કરવો એટલું જ નહી પણ અન્યાયીને દંડ આપવાનું ગીતાજી શીખવે છે. ગીતાજીનો શુદ્ધાર્થ દંડ આપવાનું શીખવતો જ નથી, પણ તેમાં લીટીયે લીટીયે ન્યાય અને અન્યાયના ઝઘડા વિષે શિક્ષણ છે. અંધકાર અને પ્રકાશને જેમ વેર છે. ટાઢ અને તડકો જેમ સાથે નથી રહી શકતાં, તેમ ઇન્સાફ અને ગેર ઈન્સાફ—ન્યાય અને અન્યાય—સાથે નથી રહી શકતા. તેથી જ આપણામાં રીસાઇ જવાની પ્રથા પરંપરાથી ચાલતી આવે છે. બહુ અકળાય છે ત્યારે રૈયત રાજાના ગામનો પણ ત્યાગ કરે છે. આવા દાખલા વખતો વખત જોવામાં આવ્યા છે. પ્રલ્હાદે પોતાના રાક્ષસી પીતા સાથે અસહકાર કર્યો. મીરાંબાઇએ પોતાના ધણી સાથે, નરસીંહ મેતાએ પોતાની ન્યાત સાથે કર્યો, આ ત્રણને આપણે આજે પુજીએ છીએ. તુળસીદાસે સંત અસંતનો

ભેદ . . બંને વચ્ચે મેળાપ ન હોય એમ બતાવી આપ્યું છે. જે દૈવી અસહકાર કરે છે તે જ્યાં સુધી ન્યાય ન મળે ત્યાં સુધી સહકાર કરતો જ નથી, જાતીગત અસહકારમાં વ્યક્તિની જીત છે. સામાજીક અસહકાર થાય તો સમાજની જીત થાય. એટલે આ દૈવી અસહકારમાં જુલમનો નાશ નથી, દોષ લાગવાપણું નથી, તેનું અલ્પ આચરણ પણ સુખદાઇ છે. જો કોમનો ઘણો ભાગ તેવો ત્યાગ કરે તો આખી કોમ અન્યાયનો સહકાર ત્યાગી મેળવુવે છે. ને તેટલે દરજ્જે નિરોગી થાય છે." (૬૩) નવજીવન અંક ૪૯ તા. ૮–૮–૨૦ અધીક શ્રાવણ વદ ૫ સં. ૧૯૭૬.

(૧૨)

"પાપ કરનાર સાથે ભળવું એ પણ તેટલું જ મહા પાપ છે. એમ ધર્મ શાસ્ત્રો સ્પષ્ટ વાણીથી કહે છે. પણ શાસ્ત્રમાં આવું કશું ન લખેલું હોત તો પણ, ઇશ્વરે પ્રત્યેક મનુષ્યને આપેલી જે સ્વાભાવીક ધર્મ બુદ્ધિ છે તે પણ અસંદિગ્ધ વાણીથી દરેક પ્રસંગે માણસને એજ કહે છે કે અધર્મમાં સામેલ ન થાઓ." "અત્યાચારીઓને બહિષ્કૃત કરવામાં તેને સજા કરવાનો પણ ઇરાદો નથી હોતો. તેની સાથે ભળવાથી, તેનો ઉપકાર લેવાથી, તેના કાર્યમાં ભાગીદાર બનવાથી, તેની સાથેના સહકારથી, જે પાપ લાગે છે જે અધર્મ થાય છે તેમાંથી બચવાના એક માત્ર ઉપાય તરીકે જ એ અખત્યાર કરવામાં આવે છે." (૬૪) નવજીવન અંક ૫૧ તા. ૨૨–૮–૨૦ શ્રાવણ સુદ ૮ સં. ૧૯૭૬.

(૧૩)

"બ્રહ્મસમાજના પ્રમુખ પંડિત શીવનાથ શાસ્ત્રી હંમેશાં કહેતા કે, જ્યારે સમાજનું ન્હાવ અધર્મના પ્રવાહમાં તણાતું હોય, ત્યારે વહાણમાં બેઠા રહીને જ એને બચાવવાનો પ્રયત્ન કરવો મીથ્યા છે. કેમકે આપણા પગ ખોટા પાયાપર ખડા છે. બચાવવા ઇચ્છનારે તો સૌ પહેલાં એ વહાણનો ત્યાગ કરી, કાંઠાની સ્થીર ભુમી ઉપર કુદી પડવું રહ્યું. એ ત્યાગ દ્વેષને લીધે નથી કરેલો હોતો, કુદી પડતા પહેલાં કુદનાર વહાણ જોડે પોતાની સ્નેહ રજ્જુ બાંધી લે છે. અને પોતે દઢ ભુમી ઉપર પગ મુકતાંની સાથે જ વહાણની ગતી રોકવા મથે છે. તેમ કરતાં પણ વહાણને ખરાબે ચડાવવાનો કે અથડાવી ભાંગવાનો હેતુ નથી હોતો. અધોગતીને અંતે વ્હાણ જેવું છીન ભીન થશે એમ તે જોઇ રહ્યો હોય છે તેમાંથી તેને

બચાવવા ખાતર તે તેની ગતીને રોકે છે. અને અંતે તેને કા૦ બચી લે છે. નદીના વેગ સાથે તણુવાની લ્હેર જેને ભોગવવી છે તેને તો આવો માણસ વેરી લાગે. પણ આખી દુનીયાં તો કહેશે કે વહાણુમાંથી એ કુદી પડનાર જ વહાણુનો સાચો સેવક હતો." (૬૪) નવજીવન અંક ૫૧ તા. ૨૨-૮-૨૦ શ્રાવણ સુદ ૮ સં. ૧૯૭૬.

ઉપરના સિદ્ધાંતો દરેક જ્ઞાતિબંધુ વાંચીને સમજશે તો જ્ઞાતિ સુધારા અર્થે, કન્યાંવિક્રયાદી પાપોના નાશ અર્થે જ્ઞાતિ સામે યોજાયલો 'વહેવાર ત્યાગ' કેટલો જરૂરી છે, કેટલો વ્યાજબી છે, એ સહેજે જણુાઇ આવશે. વહેવાર ત્યાગમાં જોડાવાની ઇચ્છાવાળાની બધી શંકાઓનો ખુલાસો આ સિદ્ધાંતોમાંથી મળી જાય છે. આ માર્ગને દ્વેષ બુદ્ધિથી ખોટાં રૂપ આપનારાઓ પણ પોતાની ગેરસમજ અને દ્વેષવૃત્તી ઉપલા સિદ્ધાંતો સમજ પૂર્વક વાંચે તો ટળી જાય છે. પરમ કૃપાળુ ઇશ્વર સર્વ જ્ઞાતિબંધુને સદ્‌બુદ્ધિ આપો. એ અંતિમ પ્રાર્થના સાથે આ સંદેશો પુરો થયો માનું છું.

આ સંદેશો લખાઇ રહ્યો તે અરસામાં બે કન્યાઓનો વિક્રય થયાની વાત સાંભળી છે અને આ સંદેશો છપાઇને વહેંચાશે તેટલા વખતમાં વળી બીજી કન્યાઓના વિક્રયની વાતો જાહેરમાં આવી હશે. જ્ઞાતિબંધુઓને એ ઉપરથી એવો ભાસ થશે કે કન્યા વિક્રય તો થયો જ જાય છે આ સંદેશાઓની કશી અસર થતી નથી. આમ સૌના મનને લાગે એમાં આશ્ચર્ય જેવું નથી. ગામે ગામથી એક સ્થળે એકઠા થઇ, જાણે ન્યાત ઉપર ઉપકાર કરવાને જ આવ્યા હોઇએ તેમ ન્યાતની સીલકમાંથી બે ચાર દીવસ ઢેબરાં કુટી, બસ અમુક રીવાજોમાં અમુક રીતે સૌને વરતવાનું છે એમ ઢંઢેરો પીટી સૌની હા માં હા પાડી પડાવી, સપાટામાં ન્યાત સુધારા કરી નાખ્યાનો દેખાવ જ હજી આપણા સૌની માન્યતામાં રમી રહેલો છે. એને લીધે આ બહુ જ ધીમી ગતીએ થતો વ્યક્તિગત સુધારો, કે જે સુધારો સ્વીકારનાર વ્યક્તિનું આચરણ કદીપણ મલીન થવાનું જ નથી એવો આ સાચો સુધારો અને તેના આસ્તે આસ્તે થતા પ્રચારને આપણે ન જોઇ શકીએ એટલા આપણે સત્યને અવલોકવામાં કાચા છીએ.

શરીરમાં આત્મા છે ત્યાં સુધી શ્વાચ્છોશ્વાસ ચાલ્યા જ કરવાનો, તેમ અંતઃકરણોમાં સ્વાર્થની મલીનતા છે ત્યાં સુધી કન્યા વિક્રય તો થયાજ કરવાનો. શરીરમાંથી આત્માના પ્રયાણુ સમયે જેમ શ્વાચ્છોશ્વાસની ગતી મંદ પડતી જાય છે, તેમ વ્યક્તિગત અંતઃકરણોમાંથી મલીનતા પ્રયાણુ

કરતી. (કન્યા વિક્રયના મહાન ટેકાઓ ખસતા જશે) તેમ તેમ કન્યા વિક્રયની ગતી પણ મંદ પડતી દેખાશે. આત્મા ઉડી ગયા પછી શરીરને મુડદું માની આપણે તેનો અગ્નીસંસ્કારજ કરીએ છીએ, તેમ સારા સારા માણસો કન્યા વિક્રયનો પૈસો પાપી માની ખાતા બંધ થશે એટલે વિક્રય કરનારાઓને પણ પાપનું ભાન થશે અને કન્યા વિક્રયના મુડદાને તેઓ પણ અગ્નિસંસ્કાર કરવા પ્રેરાશે. આ બધું ધીરે ધીરે થવાનું એ મારી નમ્ર માન્યતા છે.

સં. ૧૯૭૯ કારતક સુદ ૧ શનેઉ. } લી૦ સેવક પરસોત્તમદાસ દુર્લભદાસ.